કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી,ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૨૦ એપ્રિલ, ૨૦૨૪ શનિવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૨૮૫◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર સુદ-૧૨◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# મોદીરાજમાં દેશનું અર્થતંત્ર સ્થિર : નાણામંત્રી

## ભારત પાસે હવે દરેક સમસ્યાનું સમાધાન છે : કોંગ્રેસનું દેશના વિકાસના મુદાઓ પર ધ્યાન નથી, ઈન્ડીયા ગઠબંધનમાં કઈક તડા પડી ગયા છે



ગાંધીધામ : કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજ રોજ ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે. આજ રોજ તેઓ અમદાવાદ અને વડોદરા એમ બે જગ્યાએ કાર્યક્રમમાં હાજરી આપવા ગુજરાત પધાર્યા છે. સૌ પ્રપ્રથમ આજરોજ નાણામંત્રીએ વિકસીત ભારત ૨૦૪૭ કાર્યક્રમ અમદાવાદના આશ્રમ રોડ પર જીસીસીઆઈ મધ્યેઆયોજીત કરાયો હતો તેની ચર્ચામાં ભાગ લીધો હતો. તે પછી સીતારમણ દ્વારા અમદાવાદ એસજી હાઈવે પર ભાજપના સ્ટેટ મીડીયા સેન્ટરમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યુ હતુ.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજ રોજ ગુજરાતના પ્રવાસે છે અને તેઓએ આજ રોજ અહી પ્રેસને સંબોધન કરતા ક્હયુ હતુ કે, ઈન્ડીયા ગઠબંધન એકજુથ નથી. તે વારંવાર એક એક રાજયથી દેખાડી અને ચૂંટણીમાં આગળ વધવાનો માત્ર ખોટો ચહેરો ઉભો કરી રહ્યા છે. આ ગઠબંધનની એકતા હવે વાતોમાં પણ સાથે નથી રહ્યુ. તમિલનાડુના મંત્રીશ્રીએ જે નિવેદન આપ્યુ છે તેના પરથી જ ખ્યાલ આવે છે કે તેઓ એકતાનુ નાટક કરે છે. તેઓ એક મંચ પર આવે છે તો એક જ વાત કરે છે કે, મોદીજીને કેમ હટાવવુ, દેશને કેમ આગળ લઈ જશે? તેઓ દેશના વિકાસ માટે શુ કરવા માંગે છે? ૨૦૪૭ના વિકસીત

અનુસંધાન પાના નં.૪ પર

## ઈધર ખાઈ-ઉધર કુવા જેવી સ્થિતિનું નિર્માણ

# રૂપાલા વિવાદથી ભાજપનો ટાર્ગેટ તુટશે? ભાજપના ગળે હાડકું ભરાયું?



અમદાવાદ : રૂપાલા વિવાદ મુદ્દે ક્ષત્રિય સમાજે ભાજપને આપેલું અલ્ટીમેટમ પૂર્ણ થતાં આંદોલનની નવી રણનિતી ઘડી છે. ગઈકાલે અમદાવાદના ગોતા ખાતે ક્ષત્રિય સમાજની સંકલન સમિતીની બેઠક મળી હતી. જેમાં ક્ષત્રિય સમાજની ૯૨ સંસ્થાના પ્રતિનિધિઓની હાજર રહ્યા હતા. રૂપાલા વિવાદનો હજુ અંત નથી આવ્યો અને ભાજપે રૂપાલાની ટિકિટ પરત પણ ખેંચી નથી, એટલે ક્ષત્રિયોએ તલવાર તાણી છે. રાજપૂત સંકલન સમિતિએ હવે રાજ્યભરમાં ભાજપનો વિરોધ કરવાની રણનીતિ બનાવી લીધી છે. ત્યારે ક્ષત્રિયોનો આ વિરોધ ભાજપના ટાર્ગેટને મોટી અસર કરી શકે છે.

ભાજપ કોઈ પણ જોખે ક્ષત્રિય સમાજ સામે નમતુ જોખવાના મૂડમાં નથી. ભાજપ રૂપાલાને નહિ બદલે એ તો ફાઈનલ છે. આ રીતે ભાજપે પોતાનો વટ રાખ્યો છે, પરંતુ તેની સામે ભાજપના વોટને મોટી અસર પડશે. એક તરફ ભાજપ ૨૬ એ ૨૬ બેઠક અંકે કરવાના અને દરેક બેઠક પર ૫ લાખની લીડ સાથે જીતવાના ટાર્ગેટ સેટ કરીને બેઠું છે. પરંતુ હવે લાગે છે કે રૂપાલા વિવાદથી ભાજપનો આ ટાર્ગેટ તૂટી શકે છે. ક્ષત્રિયો સ્વમાનની લડાઈ લડી રહ્યા છે, પરંતુ ભાજપ માટે હવે આ વટનો સવાલ બન્યો છે. ભાજપ હાઈકમાન્ડ કોઈ કાળે નમતુ જોખવા તૈયાર નથી.

રૂપાલાના નિવેદનમાં વિવાદમાં ભાજપ બરાબરનું ભેરવાયું છે. હવે ભાજપ માટે ઈધર કુઆ ઉધર ખાઈ જેવી સ્થિતિ બની છે. ભાજપ ને રૂપાલા કેસમાં સામેથી ક્ષત્રિયોની નારાજગી વહોરી લીધી છે. જેને કારણે ક્ષત્રિય મતવિસ્તારમાં વિરોધી માહોલ પેદા થયો છે. આ કારણે ભાજપના ઉમેદવારો ક્ષત્રિય મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરવા જઈ શક્તા નથી,

અનુસંધાન પાના નં.૪ પર

## રૂપાલા ફોર્મ પરત નહીં ખેંચે...

# - તો રાજયભરમાં આંદોલન થશે : ક્ષત્રિયોનો હુંકાર

**રાજકોટમાં ક્ષત્રીય સમાજ સંકલન સમિતીના આગેવાનોએ પ્રેસને કર્યુ સંબોધન :અમારો વાંધો રૂપાલા સામે જ છે, રૂપાલા પદ-સત્તાનો મોહ ત્યાગે : અમારા સમાજમાં ભાગલા નથી, સંકલન સમીતી એટલે સમાજ અને સમાજ એટલે સંકલન સમીતી : સરકારે અમારી એક પણ માંગણી નથી સ્વીકારી, આગામી સમયમાં ઉત્તર-દક્ષીણ-મધ્ય-દક્ષીણ ગુજરાતમાં અપાશે કાર્યક્રમ**



ગાંધીનગર : ક્ષત્રિયોએ હવે રૂપાલા અને ભાજપ સામે અસલી રણસંગ્રામ શરૂ કર્યો છે. ક્ષત્રિય સમાજે હવે ભાજપને આપેલા અલ્ટીમેટમનો સમય પૂરો થઈ ગયો છે. ત્યારે હવે ક્ષત્રિયોએ તલવાર તાણી છે. ક્ષત્રિય સમાજના આંદોલનના પાર્ટ-૨ ની શરૂઆત થઈ ગઈ છે. ક્ષત્રિય સંકલન સમિતિના સભ્ય પી.ટી.જાડેજાએ આજે રાજકોટમાં પત્રકાર પરિષદ સંબોધી હતી.તેમણએ કહ્યું કે, આંદોલન ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચાડવામાં આવશે. અલગ અલગ ઝોનમાં ધર્મરથ રથ કાઢી ભાજપ વિરુદ્ધ મતદાન કરવાના શપથ લેવડાવાશે. આમ, ભાજપની જાહેરસભામાં ક્ષત્રિય સમાજે વિરોધ કરવાની રણનીતિ બનાવી લીધી છે. સાથે જ ભાજપ આંદોલનને કોંગ્રેસ પ્રેરિત ગણાવે છે તે મુદ્દે પીટી જાડેજાએ રદિયો આપ્યો છે.ક્ષત્રિય આગેવાન પી.ટી.જાડેજાએ જણાવ્યું કે, ક્ષત્રિય સમાજના આંદોલનના પાર્ટ ૨ની શરૂઆત કરી છે. અમદાવાદ ખાતે ક્ષત્રિય સંકલન કમિટી દ્વારા પાર્ટ ૨ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આણંદ અને વડોદરામાં ક્ષત્રિય સમાજ મહાસંમેલન કરશે. ક્ષત્રિય સમાજના મોટા મતદારો આ બન્ને લોકસભા બેઠકો પર છે. આગામી દિવસોમાં તારીખ અને સ્થળ જાહેર કરવામાં આવશે. અમે ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનું આહવાન કર્યું છે.સાથે જ તેમણે કહ્યું કે, એક સાથે ૪૦૦ ક્ષત્રિયાણીઓ ઉમેદવારી નોંધાવે તો અમારા મત ડિવાઈડર થઈ જાય એટલે

અનુસંધાન પાના નં.૪ પર

## અમેઠીની જેમ વાયનાડ પણ કોંગ્રેસને છોડવુ પડશે : મોદી

**મહારાષ્ટ્રના નાંદેડ-પરભણીમાં પીએમએ સભા ગજવી : પ્રથમ તબક્કાના મતદાન બાદ બીજા ચરણ માટેનો પ્રચાર બન્યો તેજ**



મુંબઈ : દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભોદીએ આજ રોજ મહારાષ્ટ્રના નાંદેડ અને પરભણીમાં ચૂંટણી જાહેરસભાને સંબોધન કર્યુ હતુ. વડાપ્રધાને અહી વિપક્ષ અને કોંગ્રેસ પર કડક પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને કહ્યુ કે, શાહજાદાને હવે વાયનાડ

અનુસંધાન પાના નં.૪ પર

# એલન મસ્કની યાત્રા મુલતવી, કાલે ભારત નહીં આવે ટેસ્લાના માલિક

નવી દીલ્હી : ટેસ્લાના CEO એલન મસ્કની ભારત મુલાકાતને લઈ સૌથી મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, એલન મસ્કની ભારત મુલાકાત મોકૂફ રાખવામાં આવી છે. મસ્ક ૨૧-૨૨ એપ્રિલે ભારતમાં આવે તેવી અપેક્ષા હતી. આ દરમિયાન તેમની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતના સમાચાર પણ આવ્યા હતા. મસ્કે પોતે એક્સ પર એક પોસ્ટ દ્વારા કહ્યું હતું કે, તેઓ PM મોદીને મળવા માટે ઉત્સાહિત છે. ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક ૨૧ અને ૨૨ એપ્રિલે ભારતની મુલાકાતે આવવાના હતા. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ તેદ્વણે પોતાનો પ્રવાસ સ્થગિત કરી દીધો છે. તમને જણાવી દઈએ કે ભારતની મુલાકાત દરમિયાન એલન મસ્ક વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવાના હતા. આ સમય દરમિયાન તેઓ ભારતીય બજારમાં પ્રવેશવાની યોજનાની જાહેરાત કરવાના હતા.એવી અપેક્ષા રાખવામાં

અનુસંધાન પાના નં.૪ પર


# ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠક ઉપર અંદાજે ૪૯૧ ઉમેદવારી પત્રો ભરાયા

## વિધાનસભાની પેટા ચૂંટણી માટે પાંચ બેઠકો પર ૩૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ગાંધીનગર : ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો સહિત કુલ ૪૯૧ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે ગઈકાલે ૧૯મી એપ્રિલ ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસ સુધીમાં ૨૬ બેઠકો પર ભાજપ કોંગ્રેસ સહિત કુલ ૪૯૧ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે. ૨૬ લોકસભા બેઠક ઉપર ભાજપના ૭૬ ઉમેદવારોએ કોંગ્રેસના ૬૦ ઉમેદવારોએ આપના સાત ઉમેદવારોએ ૧૮૮ અપક્ષ અને ૧૬૦ અન્ય પાર્ટીઓના ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે. ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસ સુધીમાં ગુજરાતની ૨૬ બેઠકો ઉપર કુલ ૪૯૧ ઉમેદવારો

અનુસંધાન પાના નં.૪ પર

# લોકસભા ચૂંટણી : દ.ભારતની ૧૨૯ બેઠકો બનશે નિર્ણાયક




ગાંધીધામ : દક્ષિણ ભારતનું રાજકારણ કાયમ અકળ રહ્યું છે.ધાર્યા કરતાવિપરીતમિજાજબતાવવામાટેદક્ષિણભારતીયનાગરિકોજાણીતા છે. દક્ષિણ ભારતના પાંચ રાજ્યોમાં સ્થાનિક પક્ષો વચ્ચે પણ સંસદ માટે સીધો જંગ છે તો રાષ્ટ્રીય પક્ષો માટે ગઠબંધનનો માર્ગ વધુ મોકળો છે. તમિલનાડુમાં ત્રિપાંખિયો જંગ જોવા મળે છે તો કર્ણાટકમાં ભાજપને પુનરાવર્તનની આશા છે. કેરળમાં INDIA ગઠબંધનને ફાયદો થઇ શકે છે.તમિલનાડુ દક્ષિણ ભારતમાં સૌથી વધુ બેઠકો ધરાવતું રાજ્ય છે. ૩૯ બેઠકો માટે આ રાજ્યમાં ત્રિપાંખિયો જંગ ખેલાશે. એમ. કે. સ્ટાલિનના DMK અને AIADMK વચ્ચે તમિલનાડુમાં વર્ષોથી સીધો જંગ જામે છે. સ્ટાલિને ઇન્ડિયા ગઠબંધનમાં જોડાણ કર્યું છે એટલે રાજ્યમાં DMK ૩૯માંથી ૨૨ બેઠકો પર ચૂંટણી લડે છે. કોંગ્રેસ ૯ બેઠકો, સીપીઆઇએમ બે, સીપીઆઇ બે અને ઇન્ડિયન મુસ્લિમ લીગ એક બેઠક પર ચૂંટણી લડી રહી છે.એમજીઆરે સ્થાપેલી પાર્ટી AIADMK ૩૪ બેઠકો પર ચૂંટણી લડશે. AIADMKએ સ્થાનિક પાર્ટીઓ સાથે ગઠબંધન કરીને પાંચ બેઠકો તેમને આપી છે. જયલલિતાના સમયમાં AIADMKનો સુવર્ણયુગ ચાલતો હતો પરંતુ તેમના નિધન બાદ પાર્ટી વેરવિખેર થઇ ગઇ હોવાથી તેનો સીધો લાભ હ્રસ્દ્રને મળી રહ્યો છે. ભાજપે પણ તમિલનાડુમાં સ્થાનિક નવ પાર્ટીઓ સાથે ગઠબંધન કર્યું છે. ભાજપ ૨૨ બેઠકો પર લડે છે. પીએમકે ૧૦ બેઠકો પર લડશે. TMC ને ત્રણ બેઠકો ફાળવાઇ છે. તે સિવાયની જે તે વિસ્તારમાં પ્રભાવ હોય એવી પાર્ટીઓને એક-એક બેઠકો આપવામાં આવી છે. મતોના વિભાજન પર તમિલનાડુના પરિણામોનો મુખ્ય આધાર રહેશે.દક્ષિણના રાજ્યોમાંથી સત્તાધારી ભાજપને સૌથી વધુ આશા કર્ણાટકથી છે. કર્ણાટકમાં ભાજપ અને જનતાદળ (એસ)નું ગઠબંધન છે. પૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવગૌડાની પાર્ટી રાજ્યમાં ત્રણ બેઠકો પર ચૂંટણી લડે છે. ભાજપે ૨૫ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. કોંગ્રેસે તમામ ૨૮ બેઠકો પર એકલા હાથે ઝંપલાવ્યું છે.દક્ષિણ ભારતના જે રાજ્યોમાં કોંગ્રેસને ખુબ આશા છે એમાનું એક રાજ્ય કેરળ છે. ૨૦૧૯માં કોંગ્રેસે ત્રણ સ્થાનિક પાર્ટીઓ સાથે જોડાણ કર્યું હતું. કોંગ્રેસે ૧૬ બેઠકો પરથી ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને ચાર બેઠકો સાથી પક્ષોને આપી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં ગઠબંધનને ૧૯ બેઠકો મળી હતી. કોંગ્રેસના ૧૬માંથી ૧૫ ઉમેદવારો વિજેતા બન્યા હતા. આંધ્ર પ્રદેશ- (૨૫ બેઠક)- કોંગ્રેસ અને ભાજપ બન્ને માટે કપરાં ચઢાણ છે. આંધ્ર પ્રદેશમાં લોકસભાની સાથે વિધાનસભાની પણ ચૂંટણી છે. આંધ્ર પ્રદેશમાં વિધાનસભાની ૧૭૫ બેઠકો છે. બહુમતી માટે ૮૮ બેઠકોની જરૂર પડે છે. લોકસભાની ૨૫ બેઠકો છે. ગત ચૂંટણીમાં વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના જગનમોહન રેડ્ડીએ ૧૩૫ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. એટલું જ નહીં, લોકસભામાં પણ ૨૫માંથી ૨૨ બેઠકો મેળવી હતી. આંધ્ર પ્રદેશમાંથી અલગ થયા બાદ તેલંગણામાં લોકસભાની આ બીજી ચૂંટણી છે. ૨૦૧૯માં પ્રથમ વખત રાજ્યની ૧૭ બેઠકોની ચૂંટણી થઇ હતી. એમાં કેસીઆરની પાર્ટી તેલંગમા રાષ્ટ્રીય સમિતિને નવ બેઠકો મળી હતી. ભાજપ ચાર બેઠક જીતવામાં સફળ થઇ હતી. કોંગ્રેસને ત્રણ અને ઓવૈસીની AIMIMને એક બેઠક મળી હતી. ડિસેમ્બર-૨૦૨૩માં મુખ્યમંત્રી બનેલા રેવન્ત રેડ્ડી રાજ્યમાં લોકપ્રિય નેતા છે. કોંગ્રેસે રેવન્ત રેડ્ડીના ભરોસે આ ચૂંટણી પાર ઉતારવાનો વ્યુહ ઘડ્યો છે. છેલ્લા ચારેક મહિનામાં રેવન્ત રેડ્ડીએ રાજ્યમાં જે નિર્ણયો કર્યા છે તેની અસર પણ થશે. ખાસ તો ખેડૂતો માટે કરેલી જાહેરાતોનો લાભ થશે. ભાજપે કેસીઆર અને કોંગ્રેસ બન્ને સામે પડકાર ખડો કર્યો છે. ભાજપનો પ્રભાવ અટકાવવા કોંગ્રેસ એડીચોટીનું બળ લગાવે છે.

## રામનવમી પર થયેલી હિંસામાં ચૂંટણી પંચની કાર્યવાહી, પોલીસ અધિકારીઓને કર્યા સસ્પેન્ડ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન હિંસા રોકવામાં કથિત રીતે નિષ્ફળ રહેવા બદલ ચૂંટણી પંચે બે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને સસ્પેન્ડ કરી દીધા છે. વાત જાણે એમ છે કે, ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર શક્તિપુર અને બેલડાંગા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સૂચનાઓ છતાં ધાર્મિક હિંસા રોકવામાં નિષ્ફળ ગયા હતા.નોંધનિય છે કે, રામ નવમીના અવસર પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ દરમિયાન હિંસાની ઘટના બની હતી. મુર્શિદાબાદની સાથે મેદિનીપુરમાં પણ હિંસક ઘટનાઓ બની હતી. એક અધિકારીએ કહ્યું, બંને અધિકારીઓ જિલ્લા પોલીસ હેડક્વાર્ટરમાં રહેશે અને ચૂંટણી સંબંધિત કોઈ કામ કરી શકશે નહીં. સંબંધિત અધિકારીઓએ બંને અધિકારીઓ સામે ચાર્જશીટ દાખલ કરવી જોઈએ. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચે મુખ્ય ચૂંટણી અધિકારીને તેમની જગ્યાએ નિમણૂક માટે નામ મોકલવા કહ્યું છે. રામ નવમી નિમિત્તે પશ્ચિમ બંગાળમાં બે સ્થળોએ હિંસા થઈ હતી. મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગા શહેરમાં એક સરઘસ કાઢવામાં આવ્યા બાદ હિંસા થઈ હતી.BJP IT સેલના વડા અમિત માલવિયાએ હિંસાના કેટલાક વીડિયો શેર કર્યા છે. તેણે લખ્યું હતું કે, મમતા બેનર્જી પ શ્ચિમ બંગાળ માટે કલંક છે. તે ફરી એકવાર રામ નવમી શોભા યાત્રાને સુરક્ષા આપવામાં નિષ્ફળ રહ્યા છે. તમને જણાવી દઈએ કે, મુર્શિદાબાદના રેજીનગરમાં હિન્દુ શ્રદ્ધાળુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં હિન્દુઓ લઘુમતી છે. રેજીનગરમાં

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન પર ઈઝરાયેલના વળતા હુમલા પર અમેરિકાએ મૌન જાળવી રાખ્યું

નવી દિલ્હી : ઈરાન પર ઈઝરાયેલના વળતા હુમલા પર અમેરિકાએ મૌન જાળવી રાખ્યું છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરીન જીન-પિયરે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'હું જાણું છું કે દરેકને મધ્ય પૂર્વના અહેવાલમાં ખૂબ જ રસ છે. હું જાણું છું કે તમે બધા મને આ વિશે ચોક્કસપણે પૂછશો (ઈરાન પર ઈઝરાયેલનો જવાબી હુમલો), પરંતુ અમારી પાસે કોઈ ટિપ્પણી નથી. બિડેન વહીવટ શરૂઆતથી જ સ્પષ્ટ છે કે તેઓ આ સંઘર્ષને વધતો જોવા માંગતા નથી. પ્રદેશમાં તણાવ ઓછો કરવા માટે અમે અમારા સહયોગીઓ સાથે પરામર્શ કરવાનું ચાલુ રાખીશું. તમને જણાવી દઈએ કે આ પહેલા અમેરિકાએ ઈઝરાયેલને ઈરાન પર હુમલો ન કરવાની સલાહ આપી હતી.અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને બેન્જામિન નેતન્યાહુને સ્પષ્ટ કહ્યું હતું કે જો ઈરાન પર ઈઝરાયેલ તરફથી જવાબી હુમલો થશે તો અમેરિકા આમાં તેલ અવીવની મદદ નહીં કરે. પરંતુ હવે ઈઝરાયેલના વળતા હુમલા પર અમેરિકાનું મૌન

અનુસંધાન પાના નં.૪ પર

# મનીષ સિસોદીયાનું શું થશે? અરજી પાછી ખેંચી : સીબીઆઈએ ગણાવ્યા કૌભાંડના માસ્ટરમાઈન્ડ

નવી દિલ્હી : દિલ્હી દારૂ કૌભાંડ મામલે મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, દારૂ કૌભાંડ કેસમાં પૂર્વ ડેપ્યુટી CM મનીષ સિસોદિયાની અરજી પર શનિવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. CBIએ તેમની જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો અને તેમને કૌભાંડના માસ્ટરમાઈન્ડ ગણાવ્યા હતા. આ તરફ તપાસ એજન્સીની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ કોર્ટે



મનીષ સિસોદિયાની જામીન અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.હવે કોર્ટ ૩૦ એપ્રિલે પોતાનો ચુકાદો આપશે. નોંધનિય છે કે, મનીષ સિસોદિયા દિલ્હીની

## દારૂ કૌભાંડ : રાઉઝ એવેન્યુ કોર્ટ-નવી દીલ્હીએ સિસોદીયાની અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો

૨૬ કરાયેલ એક્સાઈઝ પોલિસીના કેસમાં મહિનાઓથી જેલમાં છે. આ તરફ આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહને જામીન મળી ગયા છે જ્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે આ જ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ટ્રાયલ કોર્ટમાં વચગાળાના જામીન માટે અરજી દાખલ કરીને લોકસભા ચૂંટણીના પ્રચારમાં ભાગ લેવાની માંગ કરી હતી. સિસોદિયાના વકીલે કહ્યું કે, હવે કોર્ટે નિયમિત જામીન પર નિર્ણય અનામત રાખ્યો છે તેથી વચગાળાની જામીન અરજી પાછી ખેંચવામાં આવી રહી છે. બીજી તરફ CBIએ મનીષ સિસોદિયાની નિયમિત જામીન અરજીનો વિરોધ કર્યો હતો. CBIએ કહ્યું

અનુસંધાન પાના નં.૪ પર

## ભારતીય નાગરિકોને સંયુક્ત આરબ અમીરાતની બિનજરૂરી યાત્રા ટાળવાની સલાહ: ઇમર્જન્સી હેલ્પલાઇન નંબર જાહેર

(એજન્સી દ્વારા)નવી દિલ્હી :ભારતીય એમ્બેસીએ એડવાઈઝરી જાહેર કરી પોતાના નાગરિકોને સંયુક્ત આરબ અમીરાતની બિનજરૂરી યાત્રા ટાળવાની સલાહ આપી છે. એમ્બેસીએ એક સપ્તાહ સુધી પડેલા ભારે વરસાદ બાદ સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટથી યાત્રા કરનાર ભારતીયોએ બીનજરુરી યાત્રાને પુનર્નિધારિત કરવા પર સલાહ આપી છે.આ ખાડી દેશ તેમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યો છે. મુશળધાર વરસાદને કારણે દુબઈ અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. અહીં સ્થિતિ હજુ સામાન્ય થઈ નથી. દૂતાવાસે કહ્યું કે યુએઈના અધિકારીઓ પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છે. એરપોર્ટ સત્તાવાળાઓએ સલાહ આપી છે કે ફલાઇટની ડિપાર્ચર ડેટ અને ટાઈમિંગ અંગે સંબંધિત એરલાઈન્સ પાસેથી કન્ફર્મ માહિતી મેળવ્યા પછી જ મુસાફરો એરપોર્ટ પરથી મુસાફરી કરી શકે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે UAEમાં પ્રતિકૂળ હવામાનને કારણે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ્સની સંખ્યા અસ્થાયી રૂપે મર્યાદિત કરવામાં આવી છે. દુબઈ એરપોર્ટ પરથી મુસાફરી કરતા ભારતીય મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે જ્યાં સુધી કામગીરી સામાન્ય ન થાય ત્યાં સુધી બિનજરૂરી મુસાફરીને ફરીથી શેડ્યૂલ કરવાની સલાહ આપવામાં આવે છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર સુદ- ૧૨, તા.૨૦ એપ્રિલ, શનિવાર

# મતોત્સવ કેટલો યોજાયો ગંભીરતાથી?

દેશમાં લોકસભા સામાન્ય ચૂંટણીનો માહોલ પાછલા અમુક દીવસોથી બનેલો છે. તે દરમ્યાન જ પ્રથમ તબક્કાનું મતદાન ૧૦૨ બેઠકો પર યોજાઈ જવા પામ્યું છે. લોકશાહીનુ મહાપર્વ એટલે ચૂંટણી અને તેમાં મતદારોએ મતદાન કરવાનો દીવસ એટલે આપણે તેને મતોત્સવ કહી શકીએ.લોકતાંત્રિક બંધારણ શૈલીમાં ચૂંટણીની ખુબજ મહત્વતા રહેલી છે. તેમાંય સામાન્ય એટલે કે લોકસભાની ચૂંટણી યોજાતી હોય તો તેની અગત્યતા ઓર વધી જાય છે કારણ કે, આ ચૂંટણી દેશના ભવિની દીશા અને દશા નકકી કરનારી બની રહેતી હોય છે. શું આ વખતની ચૂંટણી રાજનેતાઓ અને મતદારો બન્ને તરફે એટલી ગંભીર જણાય છે ખરી? આપણે સૌ રાજકોટ બેઠક પરથી શરૂ થયેલો રૂપાલાનો વિવાદ અને તે પછી ધીરે ધીરે વકર્યો હોવા સબબના ગતકડાઓ જોવાયા છે. મીડીયા જેવુ મીડીયા પણ રૂપાલા વિવાદને લઈને તો સતત ગોથ ચડેલું જ જોવા મળી આવ્યુ હતુ. એક દીવસ તેમના વિવાદમાં વાતઆવે કે, રૂપાલાજી હવે હથિયાર હેઠા મુકી રહ્યા છે, તો ક્ષણવારમાં જ સંદેશો આવી જાય કે રૂપાલાજી કયા નથી જતા? રાજકોટ બેઠકમા થયેલા વિવાદોના લીધે વિવાદ ઓછા અને કોમેડી વધુ સર્જાઈ ગઈ હોય તેવા દ્રશ્ય અહી ઉભા થવા પામતા જોવાયા હતા જે લોકશાહી ભારત માટે ખુબજ ચિંતાજનક કહી શકાય તેમ છે. મિત્રો લોકશાહીમાં ચૂંટણી પ્રક્રીયા તેનો પ્રાણ ગણાય છે. અને તેવામાં ચૂટણી પ્રક્રીયામાં કોમેડીઓ સર્જાવવા સમાન સ્થિતી ઉભી થાય તે ખરેખર તો લોકશાહીનુ અપમાન સમાન જ કહી શકાય. ભારતની વસ્તીને જોતા અહી ચૂંટણી કરાવવી તે જ એક મોટો પડકાર બની રહે તેમ છે તે ઉપરાંત પણ ચુંટણી થાય છે પરંતુ મતો પ્રત્યેની ગંભીરતાનો ઉભયપક્ષે જોવાતો અભાવ લોકશાહીને માટે ખતરાની ઘંટડી સમાન જ ગણી શકાય.

# ગૌમાતાના ભાગની ગૌચર ઉદ્યોગોને પાણીના ભાવે પધરાવી ભાજપે અનીતિ આચરી છે : નિતેશભાઈ લાલણ




## લોકસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર સાથે સિનીયર આગેવાનોએ મુન્દ્રાના ગ્રામ્ય વિસ્તારનો વિદ્યુતવેગી પ્રવાસ ખેડ્યો

ભુજ : કચ્છ લોકસભાની સીટ અંકે કરવા કોંગ્રેસે પ્રચારને વેગવંતો બનાવ્યો છે ત્યારે કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા, મુન્દ્રા તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિરમભાઈ સાંખરા ગઢવી, તાલુકા પંચાયત વિરોધપક્ષના નેતા નવીનભાઈ ફફલ, વાલજીભાઈ દનિચા, , રાજુભા જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, સંજયભાઈ બાપટના નેતૃત્વ તળે કચ્છ લોકસભાના કોંગ્રેસના યુવા ઉમેદવાર નિતેશ લાલન માતંગના પ્રચારર્થે વાજતે ગાજતે મુન્દ્રા પંથકના હટડી,ભદ્રેશ્વર, વડાલા, મોખા, વવાર, છસરા, કુંદરોડી, બગડા, વાગુરા, પત્રી, વાંકી, ટપર, રતાડીયા, લાખાપર, ગુંદાલા, સાડાઉ, લુણી વગેરે ગામોનો પ્રચાર કર્યો હતો. આ તમામ ગામોમાં પ્રજામાં ભાજપ વિરોધી લહેર અને વાતાવરણ જોવા મળેલું હતું અને પ્રજાજનોએ આક્રોશપૂર્વક જણાવ્યુ હતું કે, મુન્દ્રા પંથકની ગૌચર જમીનો ઉદ્યોગોને પાણીના ભાવે પધરાવી દેવામાં આવી છે. ગૌમાતા સાથે અનિતી આ વિસ્તારની પ્રજા ક્યારે માફ કરશે નહીં. ઉપરાંત અદાણી પોર્ટ પર અવારનવાર ગેરકાયદેસર રીતે ડ્રગ્સ પકડાતા કચ્છનું યુવાધન બરબાદ કરવાનો કારસો ભાજપની સરકાર કરી રહી છે. ઉપરાંત બિપોરજોય વાવાઝોડામાં વધુમાં વધુ મુન્દ્રા - માંડવી પંથકના પશુધનને તથા પાકને નુકસાન થયો છે છતાં આજ દિન સુધી કેન્દ્ર તથા રાજ્ય સરકાર કોઈપણ જાતની સહાય પશુપાલકોને કે ગૌશાળાઓને ચૂકવેલ નથી. ઉપરાંત કોસ્ટલ ઝોનમાં ભાજપની સરકાર નવા નવા નિયમો અને ફતવાઓ બહાર પાડી દરિયાકિનારો પણ લૂંટી રહી છે તે મુન્દ્રાની પ્રજા ક્યારે પણ સાંખી નહીં લે. ભાજપના નેતાઓ ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. પ્રજા પાયમાલ છે, જેથી આવી અહંકારી અને ઘમંડી ભાજપ સરકારને ઘેર બેસાડવાનો સમય આવી ગયો છે, જેના માટે કોંગ્રેસ તરફી ભારે મતદાન કરવા આગેવાનોએ અપીલ કરી હતી. ઉમેદવાર નિતેશભાઈ લાલણે સતત પ્રજાની પડખે રહેવા કોલ આપ્યો હતો

સમગ્ર પ્રવાસ દરમિયાન ઉમેદવારને ગામે ગામે ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો અને વિવિધ આગેવાનોએ સ્વાગત કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન સ્થાનિક આગેવાનો મીઠુભાઈ મહેશ્વરી, વિજય બડીયા, યુવરાજસિંહ જાડેજા, મેરૂભા ઝાલા, ભરત પાતારીયા, શંભુભાઈ આહીર, મુન્દ્રા તાલુકા પંચાયત સદસ્યો સુરેન્દ્રસિંહ ઝાલા, આસરિયા ગઢવી, અલ્તાફભાઈ રેલીયા, રમીલાબેન માતંગ, કાનજીભાઈ ગઢવી, મયુરસિંહ જાડેજા, કરસનભાઈ ગઢવી વિગેરે આગેવાનો સાથે બહોળી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા. આ સમગ્ર વ્યવસ્થા તાલુકા ઉપપ્રમુખ મયુરભાઈ બડીયાએ કરી હતી એવું કચ્છ લોકસભા મીડિયા કોર્ડીનેટર ગનીભાઈ કુંભાર તથા સંકલન વિભાગના ધીરજ ગરવા દ્વારા જણાવાયું હતું

# તેલંગાણાનો યુવાન ૩ વર્ષે ઘરે પહોંચ્યો



ભુજ : તેલંગાણા રાજયનો યુવાન મધુકુમાર ઉ.વ. ૨૮ ગુમ થતાં તેનાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. તે રખડતો-ભટકતો રેલ્વે માર્ગે ભુજ પહોંચતા માનવજ્યોતના પ્રબોધ મુનવર તથા રફીક બાવાને મળી આવ્યો હતો. તેને સંસ્થા સંચાલિત રામદેવ સેવાશ્રમ મધ્યે આશ્રય આપી તેની સારવાર શરૂ કરાવવામાં આવી હતી.

સેવાશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ તેલંગાણા પોલીસનો સંપર્ક કરી તેનાં ઘર-પરિવાર શોધી કાઢ્યા હતા. સમાચાર મળતાં જ ગુમનોંધના આધારે તેલંગાણા પોલીસના એ.એસ.આઈ. અનીલ રેડ્ડી તથા કોન્સ્ટેબલ સતીષ રેડ્ડી ભુજ આવી યુવાન મધુકુમારનો કબ્જો લીધો હતો. ૩ વર્ષ પછી આ યુવાન પોતાના ઘર અને પરિવાર સુધી પહોંચ્યો છે. પરિવારમાં ખુશી છવાઇ છે. તેલંગાણાથી આવેલા પોલીસે માનવજ્યોતની શ્રેષ્ઠ સેવાઓની નોંધ લીધી હતી. માનવતાના આ કાર્યમાં દિપેશ શાહ, આનંદ રાયસોની, અક્ષય મોતા, દિપેશ ભાટીયા, કિશોરસિંહ જાડેજા, પ્રતાપ ઠક્કર, કર્મ શાહ સહભાગી બન્યા હતા.

# શાહમૃગ પછી બીજા નંબરે આવતું મોટું પક્ષી ઈમુ ભુજમાં દેખાયો

## મોટાપીરથી સંસ્કાર સ્કૂલ જતાં રસ્તે દેખાતા કુતૂહલ સર્જાયો



ભુજ : કચ્છ એ વિદેશી પક્ષીઓનું મોશાળ છે. અહીં વિદેશથી અનેક જાતના પક્ષીઓ ઋતુ પ્રમાણે આવતા હોય છે ત્યારે ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલીયામાં દેશના રહેવાથી ઈમુ ભુજમાં મોટાપીર રોડથી સંસ્કાર સ્કૂલવાળા રસ્તા ઉપર દેખાતા અહી રહેતા લોકો નજરે જોઈ આશ્ચર્યચક્તિ થયા હતા.

આ યાયાવર પક્ષી ઈમુની ઝલક ભાગ્યે જ જોવા મળતી હોય છે. ખુબીની વાત એ છે કે આ પક્ષીને પાંખો છે પણ તે આકાશમાં ઉડી શકતું નથી અને દોડતી વખતે એક ડગલાનું અંતર ૯ ફૂટ જેટલું હોય છે. ચાર - પાંચ દાયકા પહેલા આ પક્ષીના પીછાની ખુબ ઉંચી કિંમત મળતી વિદેશમાં ડાન્સ શો, ફેશન શોમાં તેના પીછાં મુગટ બનાવવામાં અને માથા ઉપર ટોપી વગેરેમાં લગાવવામાં આવતાં હતા. આ અંગેની માહિતી આપતા ડીસીએફ યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, આ બર્ડ એક પોલટ્રી બર્ડ છે, જેને આપણે પાળી શકાય છે. આ અંગે અમારી પાસે ફોન આવતા તપાસ કરતાં માલુમ પડ્યું આ પક્ષી પાળેલ હોઈ શકે છે. અહીં કચ્છમાં અન્ય વિદેશી પક્ષીઓની વસાહત છે તેવી આ પક્ષીની વસાહત નથી આ પક્ષી કોઈ શોખ માટે પોતાની પાસે રાખ્યો હોય તેવો અનુમાન વ્યક્ત કરતાં પક્ષીવીંદ નવીન બાપટે જણાવ્યું કે, શાહમૃગ પક્ષીનું આ ઈમુ પક્ષી બીજા નંબરે કદાવર મોટું પક્ષી છે તેને ખાવાનું ખુબ જોઈએ છે અને આ પાલતું પક્ષી હોવાથી પક્ષી શોખીને પાળ્યો હશે તેવું અનુમાન લાગે છે.

# કરિયાવરના દાગીનાની અવેજમાં આપેલ ચેક પરત ફરતા પતિને ૧ વર્ષની કેદ

ભુજ : પતિ-પત્ની વચ્ચે છુટાછેડા થતા કરિયાવરના દાગીનાની અવેજમાં પતિએ ચેક આપેલ તે પરત ફરતા આરોપી પતિને ભુજની અદાલતે ૧ વર્ષની કેદનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ આ કામના ફરિયાદી નીષીતા ડો/ઓ પ્રભુલાલ કરસનદાસ ઠક્કર (રહે. ભુજ) વાળા આરોપી સુનીલ મુક્તિલાલ ઠક્કર (રહે. ડીસા, બનાસકાંઠા) વાળાના પત્ની થતા હતા. લગ્નજીવન દરમ્યાન બંને વચ્ચે મનમેળ ન થતા પરસ્પર સહમતીથી છુટાછેડા મેળવેલ અને આરોપી પતિએ તેમની પત્નીના કરિયાવરના દાગીનાના અવેજમાં રોકડ રૂા. ૧,૨૫,૦૦૦ ચૂકવવા માટે આદર્શ કો - ઓપરેટીવ બેંક ડીસા શાખાનો ચેક આપ્યો હતો. આરોપીને ચેક રીટર્ન થવાયની જાણ કરવા છતાં આરોપીને નાણાં ચૂકવેલ નહી અંતે ફરિયાદીએ લેણી નીકળતી રકમ વસુલ કરવા આરોપીને લીગલ નોટીસ રજીસ્ટર એડી મારફતે મોકલાવેલ. જે નોટીસ આરોપીને ધોરણસર બીજી ગયેલ છતા પણ ફરિયાદીના આરોપી ઉપર લેણી નીકળતી રકમના નાણા ચૂકવેલ નહીં કે રકમના નાણા આપવાની કોઈ તસ્દી લીધેલ નથી. જેથી ફરિયાદ કરવાની ફરજ પડેલ જે બાબતનો કેસ છઠ્ઠા અધિક ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટની કોર્ટ ભુજ સમક્ષ ચાલેલ અને અદાલતે ફરિયાદી તથા આરોપીની દલીલો સાંભળી આરોપીને નેગોસીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકમની કલમ ૧૩૮ મુજબ તકસીરવાર ઠરાવી એક વર્ષની કેદની સજા તથા રૂા. ૬૫,૦૦૦ વળતર પેટે ચૂકવવાનો નામદાર કોર્ટે હુકમ કર્યો હતો અને જો દિન ૩૦માં રકમ જમા કરાવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો.આ કેસમાં ફરિયાદી તરફે ભુજના કુલદીપ જે. મહેતા, હેતલ દવે, પ્રશાંત એન. રાજપુતનાઓએ હાજર રહી ફરિયાદી તરફે કેસ ચલાવી દલીલો કરી હતી.

# ભુજના રિજનલ સાયન્સ સેન્ટર દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરાશે

ભુજ : રિજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીના ભાગરૂપે જુદી-જુદી પ્રવૃત્તિનું આયોજન વયજૂથ પ્રમાણે તા. ૨૩ એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે. ધોરણ ૩થી પાંચના વિદ્યાર્થીઓ માટે વક્તવ્ય અને કવિતા સ્પર્ધાનું આયોજન બોપોર ૧૨ થી ૧.૩૦ વાગ્યા દરમ્યાન કરેલ છે. જેમાં સ્પર્ધકોએ ''સેવ અર્થ'' વિષય પર ત્રણ મિનિટ ઈંગ્લિશ, હિન્દી કે ગુજરાતી ભાષામાં રજૂઆત કરવાની રહેશે. સ્પર્ધકોને વિષયવસ્તુ અને સર્જનાત્મકતાના આધારે વિજેતા જાહેર કરવામાં આવશે તથા સાંજે ૫ થી ૬ દરમ્યાન ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે ટ્રેઝર હન્ટ રમતનું આયોજન કરવામાં આવ્યું છે.

# ભુજ જીઆઈડીસીમાં ટ્રક તળે આવી જતા યુવાનનું મોત

ભુજ : શહેરમાં જીઆઈડીસી પાસે આવેલ કોમલ ગેરેજની સામે અકસ્માત થયો હતો. જેમાં ટ્રક નીચે આવી જવાના કારણે યુવાનનું મોત થયું હતું. કુકમા ગામના ગિરીશભાઈ અમૃતલાલ ગોહિલે જી.કે. જનરલ હોસ્પિટલમાં ચોકીમાં જણાવ્યું કે, તેમના કાકાનો દીકરો ૩૫ વર્ષિય અજય કાંતિલાલ ગોહિલ શુક્રવારે સાંજે ૫:૩૦ વાગ્યાના અરસામાં જીઆઈડીસી રોડ પર હતો ત્યારે ટ્રક નં.જીજે૧૨-ઝેડ-૪૯૯૫ ની નીચે આવી જતા ઈજાઓના થવાના કારણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત થતા બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

--------




## અંજારમાં ગાડી પાર્ક કરવા મુદ્દે મારામારી

અંજાર : શહેરમાં સતાપર રોડ પર આવેલ માધવવિલા સોસાયટી પ્લોટ નં.૧ પાસે ગાડી પાર્ક કરવા મુદ્દે મારામારી થઈ હતી. ફરિયાદી મધ્યપ્રદેશના કુમાર અજય શ્રીરામાધર પ્રસાદના જણાવ્યા પ્રમાણે તેમના ઘર પાસે કામ ચાલતો હોઈ તેમની પોતાની ગાડી પીનાકીન જોષીના ઘર પાસે પાર્ક કરતા તેણે અહીં ગાડી પાર્ક કેમ કરી તેમ કહી બોલાચાલી કરી ફરિયાદીએ આરોપીને નોકરીમાંથી કઢાવ્યો હોવાનું મનદુઃખ રાખી ગાળો આપી ગાડીના કાચ તોડી નાખતા અંજાર પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

-----------

## ધબડામાં ખેતર મુદ્દે મારામારી

રાપર : તાલુકાના ધબડા ખાતે આવેલા ખેતર મુદ્દે મારામારી થઈ હતી. ફરિયાદી વસરામભાઈ ભવાનભાઈ માલીના જણાવ્યા પ્રમાણે આરોપી પ્રકાશ ભીખાભાઈ કોલી, જયસુખ નારાણભાઈ કોલીને દશરથ ગોહા રબારીએ ખેતર બાબતે ફરિયાદી સાથે બોલાચાલી કરી માર મારી ઈજાઓ પહોંચાડી હતી. જેથી બાલાસર પોલીસમાં ગુનો દાખલ થયો છે.

-----

## મોટા આસંબિયામાં આર્થિક તંગીના કારણે યુવાનનો આપઘાત

ભુજ : માંડવી તાલુકાના મોટા આસંબિયા ગામે આર્થિક તંગીના યુવાને આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. કોડાય પોલીસે જણાવ્યું કે, હતભાગી ૨૨ વર્ષિય પ્રેમજીભાઈ ડાયાભાઈ મહેશ્વરી ઘણા સમયથી કામ ધંધો કરતા ન હોઈ આર્થિક સંકડામણમાં ફસાઈ ગયા હતા. જેમાં પોતાના ઘરે પંખામાં લુંગી બાંધીને ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લેતા અરેરાટી ફેલાઈ ગઈ હતી.

----

# પલાંસવા નજીક શંકાસ્પદ બાઈક સાથે યુવક પકડાયો



રાપર : આડેસર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમીના આધારે પલાંસવા ગામના બસ સ્ટેશન પાસે રાજુ બબાભાઈ દસાણીને રોકાવી તેના કબજામાં રહેલી બાઈક બાબતે પુછપરછ કરતા કોઈ આધાર-પુરાવા મળી આવ્યા ન હતા. જેથી ૧૦ હજારની બાઈક કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉનાળાની ઋતુમાં સ્વસ્થ રહેવાના આયુર્વેદિક ઉપાયો

ભુજ : હાલ ઉનાળો એટલે કે ગ્રીષ્મ ઋતુ ચાલી રહી છે. આયુર્વેદના વિવિધ ગ્રંથોમાં દરેક ઋતુમાં કેવી રીતે રહેવું, શું ખાવું-ન ખાવું અને શું કરવું-શું ન કરવું એ માટે દરેક ઋતુની અલગ ઋતુચર્યાનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. ઉનાળામાં એટલે કે ગ્રીષ્મ ઋતુમાં સ્વસ્થ રહેવા, ઉનાળામાં થતી બિમારીઓથી તેમ જ હિટ વેવથી બચવા માટે પણ આ નિર્દેશોનું પાલન ઉપયોગી બને.

**ઋતુચર્યાને બે વિભાગમાં વહેંચી શકાય :** (૧) આહારના નિર્દેશો- એટલે કે ખાવા-પીવામાં જે ધ્યાન રાખવું જોઈએ એ (૨) વિહારના નિર્દેશો- એટલે કે જીવનશૈલીમાં જે ફેરફારો કરવા જોઈએ એ

**આહારના નિર્દેશો : ખાવા-પીવામાં શું ધ્યાન રાખવું ? :** તરસ અનુસાર કુદરતી ઠંડુ થયેલ પાણી-પીણાં પીવાં ફ્રિજનું ઠંડુ પાણી કે બરફ નાખેલું પાણી-પીણાં ન પીવાં, માટલાના ઠંડા પાણીમાં થોડી સાકર કે મધ ઉમેરી પીવું. માટલામાં સુગંધી વાળાની પોટલી મૂકવી. ભુખ કરતાં ઓછો, પચવામાં હળવો ખોરાક લેવો. પ્રવાહીનું પ્રમાણ થોડું વધારે રાખવું. વિવિધ ફળોના શરબત (ઘરે બનાવેલા) સાકર અને મધ ઉમેરીને લેવા.. (બરફ નાખ્યા વગર) સકરટેટી, દ્રાક્ષ, ફાલસા, કેરી, સંતરા, દાડમ વગેરે ઋતુ પ્રમાણેના ફળો લેવા. ગુલકંદનું સેવન કરવું.પચવામાં સરળ અને હળવા હોય તેવા દૂધી, સરગવો, ગલકાં, તુરિયા, ટીંડોળા, કારેલા જેવા શાક લેવા. બજારુ પેકિંગ કરેલા ફ્રૂટના જ્યુસ કે રેડી મેઈડ કોલ્ડ ડ્રિંક્સ ન લેવા. ઘરે બનાવેલો તાજો શ્રીખંડ લેવો. નાળિયેર પાણી, મધ અને પાણી, વરિયાળી કે ધાણા નાખીને બનાવેલ પાણી પીવું.ખાટા, તીખા, તળેલા, ખારા સ્વાદવાળા ખોરાક ન લેવા. રાઈ, મરચું, મરી, લસણ, ગોળ, રીંગણ તથા ગરમ મસાલાવાળા ખોરાક ન લેવા. ચોખા સાથે ઘી અને દૂધ (ખીર)નું સેવન કરવું.

**વિહારના નિર્દેશો : જીવનશૈલીમાં શું ફેરફારો કરવા? :** તડકો, સીધા ગરમ પવનથી બને એટલું દૂર રહેવું. બપોરે કુદરતી ઠંડા વાતાવરણમાં રહેવું. ચંદન,સુખદ,સરિવા વગેરેનો લેપ કપાળ અને માથાના ભાગમાં કરવો. રાત્રે અગાશી કે ધાબા પર સૂવું. ખાસ સુતરાઉ, સફેદ રંગના, હળવા અને સ્વચ્છ વસ્ત્રો પહેરવા. તડકામાં નીકળવા સમયે માથું અને હાથ-પગ વગેરે ખુલ્લા અવયવો કપડાંમાં ઢાંકીને નીકળવું. છત્રી સાથે રાખવી ઉત્તમ. તડકામાંથી તાત્કાલિક ઠંડકવાળા વાતાવરણમાં જવું નહીં, તડકામાંથી ઘરે આવીને તરત જ હાથ-પગ-મોં ધોવા નહીં, તરત નહાવું નહીં કે તરત પાણી પીવું નહીં. સવારે કેસૂડાના ફૂલ નાખેલ પાણીથી નહાવું. કસરત ઓછી માત્રામાં કરવી. ઉનાળામાં દિવસે થોડો સમય (૧૫ થી ૩૦ મિનિટ) સુવાની છૂટ છે.

**લૂ લાગવાના (સન સ્ટ્રોક) લક્ષણો :** માથામાં દુઃખાવો, હૃદયના ધબકાર વધવા, શોષ પડવો, થાક લાગવો, બેભાન થઈ જવું, ચામડી લાલ થઈ જવી, અશક્તિ લગાવી, ઝાડા થવા આમાંનું કઈ પણ થઈ શકે.

**લૂ લાગવાના (સન સ્ટ્રોક) ઉપાયો :** (૧) કાચી કેરીનો બાફલો, કોકમનું શરબત, ખસનું શરબત, વરિયાળીનું શરબત, લીંબુ શરબત, ધાણાનું પાણી પીવું. (૨)વધુ લક્ષણો જણાય તો નજીક ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની મુલાકાત લેવી.

# નાડાપાની ફેક્ટરીમાં સર્જાયેલા અકસ્માતમાં ડમ્પર ચાલક સામે ફોજદારી

ભુજ : તાલુકાના નાડાપા ગામે આવેલી ડાંગર કેઓલીન ફેક્ટરીની લેબર કોલોનીમાં ગત ૧૬ તારીખે અકસ્માતનો બનાવ બન્યો હતો. ફરિયાદી મૂળ મધ્યપ્રદેશના હાલે અહીં મજૂરી કરતા કમલ બદીયાબાડ ભાભોર પોતાના બાળકો તથા પત્ની, ભત્રીજી સાથે ઓરડીમાં હતા ત્યારે ડમ્પર નં.જીજે૧૨-બીવાય-૨૫૧૬ ના ચાલક લોડાયના વાલજીભાઈ જસાભાઈ બત્તા ઢાળ પર ડમ્પર ચડાવતા હતા ત્યારે અચાનક સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવતા ડમ્પર રિવર્સમાં આવી ઓરડીની દીવાલમાં ભટકાતા ફરિયાદીની ભત્રીજી ૬ વર્ષિય દિવ્યા જામસિંહ ભુરિયાનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું, જ્યારે બાળકો અને પત્નીને ઈજાઓ થતા ડમ્પર ચાલક સામે ગુનો દાખલ થયો છે.

# કલ્યાણપરમાં ઝેરી દવા પી જતા મહિલાનું મોત

ભુજ : તાલુકાના કલ્યાણપર ગામે રહેતી મહિલાએ ઝેરી દવા પી લેતા મોત થયું હતું. માનકૂવા પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ હતભાગી રમીલાબેન મામદ કોલીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર માટે જી.કે.માં લઈ જવાયા હતા. જ્યાં તેઓનું મોત થયું હતું. આ પગલાંથી દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી છે. હતભાગી પીયરમાં આવ્યા અને આ પગલું ભરી લીધું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# બીકેટી દ્વારા કનૈયાબે, ડગાળા, ખોખરા અને મોડસરવાડી ખાતે વિવિધ કામોનું લોકાર્પણ



ભુજ : બાલક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ લિ. તરફથી સામાજિક જવાબદારી હેઠળ કનૈયાબેમાં કુલ રૂ.૪,૭૯,૭૨૦ના કામો,ડગાળા ખાતે કુલ ૪,૫૭,૫૬૦ના કામો,ખોખરામાં રૂ. ૨,૮૯,૮૨૭ના કામો અને મોડસર ખાતે રૂ. ૯૮,૮૫૦ના કામોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

કનૈયાબે ગામમાં કનૈયાબે ગ્રુપ પ્રાથમિક શાળામાં ૭૦ બેન્ચ, ૨૦ ખુરશીઓ, ૧૦ ટેબલ, કલર પ્રિન્ટર, ૨૦ ડસ્ટબિન, ૨ પાણીની મોટર રૂ. ૪,૭૯,૭૨૦ની સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ તેમજ તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય રતિલાલ પરમાર, એસએમસી અધ્યક્ષ હાસમશા શેખ, શિક્ષકો દિનેશકુમાર જેઠવા, રાખીબેન રાયચૂરા, પ્રેમિલાબેન સોલંકી તેમજ ગામના અગ્રણી સુલેમાન શેખ દ્વારા બીકેટીના અધિકારીઓનું શાલ તેમજ મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું. ડગાળા ગામમાં ડગાળા કુમાર પ્રાથમિક શાળા ખાતે લેઝર પ્રિન્ટર, એમ્પ્લિફાયર-સાઉન્ડ સિસ્ટમ,૨૦ બેન્ચ, ૨ ઓફિસ ટેબલ અને પોડિયમ કુલ ૨,૧૪,૭૧૦ની સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ તેમજ ડગાળા કન્યા શાળામાં ૪૫ બેન્ચ, લાયબ્રેરી કબાટ અને ઓફિસ કબાટ કુલ રૂ ૨,૪૨,૮૫૦ની સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું. કુમાર શાળાના શિક્ષકો રાખીબેન પ્રજાપતિ, બીનાબેન પ્રજાપતિ, ભાવેશબાઈ પ્રજાપતિ, માલદે નંદાણિયા, કન્યાશાળાના આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ, જયદીપ પટેલ, હિરજીભાઈ સોનગરા, મીતાબેન પટેલ, અસ્મિતાબેન પીઠિયા, હિરલબેન પટેલ તેમજ ગામના આગેવાન શંભુભાઈ વેલજીભાઈ ગરવાએ બીકેટી પરિવારને મોમેન્ટોથી સન્માનિત કર્યા હતા.

ખોખરા ગામમાં આવેલી ચંદ્રનગર પ્રાથમિક શાળા ખાતે પી.એ. સિસ્ટમ વિથ માઈક અને કલર પ્રિન્ટર રૂ. ૮૯,૨૬૪ની સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું તેમજ ખોખરા પ્રાથમિક શાળામાં ૧૪ સીસીટીવી કેમેરા, પીએ સિસ્ટમ વિથ માઈક તેમજ કોમ્પ્યુટર રૂ. ૨,૦૦,૫૬૩ની સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શિક્ષકો ભારતીબેન, દેવાંગીબેન, સુરક્ષાબેન અને એસ.એમ.સી. કોઓર્ડિનેટર વિષ્ણુભાઈ હાજર રહીને બીકેટીના પ્રતિનિધિઓને શાલ અને મોમેન્ટોથી સન્માનિત કર્યા હતા. મોડસરવાડી પ્રાથમિક શાળામાં સાઉન્ડ સિસ્ટમ, ૬ ઓફિસ ટેબલ, ૧૫ પ્લાસ્ટિક ખુરશીના રૂ ૯૮,૮૫૦ની સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્ય શિક્ષક સંજયકુમાર પટેલ, મદદનીશ શિક્ષકો નિરુબેન પટેલ, કરણસિંહ જાડેજા તેમજ અગ્રણીઓ શામજી દેવા મ્યાત્રા, અરજણ નારણ બરારિયા, કરશન માદા મ્યાત્રા, સામત કરશન ચાવડા અને બાબુ વીરા હુંબલ ઉપસ્થિત રહીને સૌ બીકેટી અધિકારીઓનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યએ આભાર માન્યો હતો. તેમજ અગ્રણી શામજીભાઈએ કંપનીની આ કામગીરીને અને આ કામ કરનારાઓને બિરદાવ્યા હતા. બીકેટી કંપની વતી ડી.ડી. રાણા દ્વારા બીકેટી તરફથી સામાજિક જવાબદારી હેઠળ કરવામાં આવતાં કામોની વિગતવાર છણાવટ કરવામાં આવેલ હતી. બીકેટી કંપની તરફથી સીએસઆર અને લાયઝનના સિનિયર ઓફિસર ડી. ડી. રાણા, નટુભા પરમાર, પ્રત્યંચ અંજારીઆ હાજર રહ્યા હતા.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાઘડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીન ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com

નં.મેજી/જન્મ-મરણ/વશી ૮૩/૨૦૨૪ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૪/૨૦૨૪
જન્મ રજી.નં.૩૩/૨૦૨૪
શ્રી ડાંગર રાણાભાઈ ગોવિંદભાઈ રહે જંગી, તા.ભચાઉ-કચ્છ ......... અરજદાર
વિરૂદ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી સહમંત્રીશ્રી જંગી, તા. ભચાઉ-કચ્છ ......... સામાવાળા
**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત**
જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેમના પિતરાઈ ભાઈ નામે ડાંગર રામાભાઈ વજુભાઈ નો જન્મ મું. જંગી. તા.ભચાઉ મુકામે તા.૦૧/૦૧/૧૯૭૦ ના રોજ થતા તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અંગેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૦૧:૦૦ કલાકે હાજર રહેવું કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
(એમ. કે. રાજપુત)
એક્ઝીક્યુટીવ-મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ

**-:: જાહેર સમન્સ તથા નોટીસ ::-**
**નામ.શ્રી ત્રીજા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ ગાંધીધામ-કચ્છ.**
દિવાની પરચુરણ.અરજી નં.૩૭/૨૦૨૨
(૧) મુળજી રામાભાઈ શર્મા...
(૨) હિરાબેન મુળજી ભાઈ શર્મા .........અરજદારો
વિરૂદ્ધ
રાજદીપ મુળજીભાઈ શર્મા .........સામાવાળા
**બાબત :-મિલ્કતનુ વારસા સર્ટીફિકેટ મળવા અંગે**
**અરજદાર ના એડવોકેટ જી.એન.ખટાના અને વિ.કે.દવે**
આથી તમામ લાગતા વળગતા વ્યકિતઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારે કોર્ટ સમક્ષ અરજદાર ના પુત્રી સ્વ.કુ.શિલ્પાબેન ડો/ઓફ મુળજી શર્મા ગુજરી ગયેલ છે તેનો અવસાન તારીખ ૦૪/૨/૨૦૧૫ ના રોજ ગામ ગોળા તાલુકો પાલનપુર જીલ્લો બનાસકાઠા મધ્યે થયેલ છે ગુજરનાર ના અરજદાર માતા-પિતા વારસ હોઈ વારસા સર્ટીફિકેટ મેળવવા આ કોર્ટમાં અરજી કરેલ છે આ અરજી સામે જે કોઈને પણ વર, વાંધો, કે તકરાર હોય તો તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટ સમક્ષ વાંધાઓ રજુ કરવા રૂબરૂ અથવા વકીલ મારફતે હાજર થવુ અન્યથા મુદત વિત્યે કોઈને પણ વર, વાંધો કે તકરાર નથી તેમ જાણી આગળની ન્યાયાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની સર્વે નોંધ લેવી.
**::: મિલકતનુ વર્ણન :::**
ગામ ગળપાદર તાલુકો ગાંધીધામ ની સીમ ના રેવેન્યુ સર્વે નં.૧૨૯ પૈકી ની જમીન ઉપર શ્રી ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ ની એલ.આઈ. જી.૯૬ એસ્ટેટ માં આવેલ એક મકાન જેના નં.૯૩ વાળો આવેલ છે.
સ્થળઃ-ગાંધીધામ-કચ્છ.
તારીખઃ ૧૯/૦૪/૨૦૨૪
(તૈયાર કરનાર) (પિ. કે. કંજારીયા) આસીસ્ટન્ટ ત્રીજા અધીક સાહેબ સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ ગાંધીધામ
(મુકાબીલ કરનાર) (એચ. જે. જોષી) આસીસ્ટન્ટ ત્રીજા સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ
કોર્ટનું સીલ
આદેશથી (ડી. એસ. ભાવસાર) રજીસ્ટાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ ની કોર્ટ ગાંધીધામ

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## આંધળા ઔદ્યોગીકરણની વિપરીત અસરો વર્તાઈ...

# છારીઢંઢમાં ઔદ્યોગીક પેશકદમીથી ફ્લેમીંગોએ રહેઠાણ બદલ્યું : યાયાવર પક્ષીએ કચ્છમાંથી ભર્યા ઉચાળા

ભુજ : ફ્લેમીંગો એટલે કે સુરખાબ એ ગુજરાત રાજ્યનું રાજ્ય પક્ષી છે. જે મોટા ભાગે કચ્છના છારીંઢંઢ અને ખંભાત વિસ્તારમાં જોવા મળતા હોય છે. થોડા વર્ષો પહેલા તેમની સંખ્યા હજારોમાં હતી. સામાન્ય રીતે ફ્લેમિંગો જ્યાં મીઠું અને ખારું પાણી ભેગું થાય, જ્યાં છીછરું પાણી હોય, અડધું ખારું અને અડધું મીઠું, જ્યાં અમુક પ્રકારની લીલ અને વનસ્પતિ હોય છે તેમના પર જીવતું આ પક્ષી છે. છીછરા પાણીમાં તેઓ લીલ ખાઈને જીવે છે. કચ્છની ભૌગોલીક સ્થિતિ અને આબોહવા આ રૂપકડા પક્ષી માટે પ્રતિકુળ હોઈ દર વર્ષે હજારોની સંખ્યામાં પક્ષી આવન જાવન કરતા હોય છે. પરંતુ જિલ્લામાં ભૂકંપ બાદ શરૂ થયેલા ઔદ્યોગીકરણની દોટ વર્તમાને આંધળી બની હોય તેમ શહેરી, ગ્રામ્યની સાથોસાથ હવે વન્ય વિસ્તારોમાં પણ પગપેસારો કરી ચુકી હોઈ માનવ વસ્તીની સાથોસાથ પશુ - પક્ષીઓ પણ પ્રભાવિત બની રહ્યા છે ત્યારે આંધળા ઔદ્યોગીકરણની વિપરીત અસરોના પગલે છારીઢંઢમાંથી ફ્લેમીંગોએ રહેઠાણ બદલી ઉચાળા ભરતા દક્ષિણ ગુજરાતનું ડાયમંડ સિટી સુરત હવે ફ્લેમીંગો સિટી બનવા ભણી આગળ વધી રહ્યું છે. આ અંગેની વિગતો મુજબ સુરત એ ડાયમંડ સિટી, સિલ્ક સિટી બાદ હવે ફ્લેમિંગો સિટી બનવા જઈ રહ્યું છે. ફ્લેમિંગોની સંખ્યા છેલ્લા પાંચ વર્ષથી સુરતમાં સતત વધી રહી છે. ગુજરાત અન્ય જિલ્લાઓમાં ફ્લેમિંગો ખૂબ જ

**ડાયમંડ સિટી સુરત હવે ફ્લેમીંગો સિટી બનવા ભણી : સુરતની તાપી નદીના કિનારે હજારોની સંખ્યામાં સુરખાબ જોવા મળ્યા**



ઓછી જગ્યાએ જોવા મળે છે. પરંતુ આ વર્ષે સુરતમાં ફ્લેમિંગોની સંખ્યા ૨૦૦૦ થઈ ગઈ છે. તાપી નદી અને અરબ સાગરના સંગમ સ્થળે હાલ ઉનાળાના સીઝનમાં હજારોની સંખ્યામાં રાજ્ય પક્ષી ફ્લેમિંગો જોવા મળી રહ્યા છે. આમ તો વિદેશી પક્ષી ફ્લેમિંગો સુરતને બાયપાસ કરીને જતાં રહેતાં હોય છે. પરંતુ આ વર્ષે હજારોની સંખ્યામાં ફ્લેમિંગો સુરત તાપી નદી કિનારે જોવા મળી રહ્યા છે. છેલ્લા થોડા વર્ષથી તેઓ સુરતના મહેમાન બનીને આવી રહ્યા છે. દર વર્ષે તેમની સંખ્યામાં વધારો નોંધાઈ રહ્યો છે. સુરખાબની વિશેષતા હોય છે કે તે સામાન્ય રીતે મેટિંગ ગ્રુપ હોય કે જે પ્રજનન કરતા હોય તે પક્ષીઓનું ગ્રુપ આખું અલગ હોય અને બીજા બચ્ચાઓ કે અન્ય પક્ષીઓનું ગ્રુપ આખું અલગ હોય છે. સામાન્ય રીતે આવા બે પ્રકારના ગ્રુપ જોવા મળતા હોય છે. જે મેટિંગ ગ્રુપ હોય છે તેમનો કલર એકદમ ગુલાબી અને લાલ જોવા મળે છે. ફ્લેમીંગોએ માનવ વસ્તીથી દૂર રહેવાનું પસંદ કરે છે. ગ્રેટર ફ્લેમિંગોની મોટી વસાહત અને બ્રીડિંગ સાઈટ તરીકે હવે સુરત સિટી જોવા મળી રહ્યું છે. સુરતની ફ્લેમિંગો સિટીમાં પ્રભાવક માત્રામાં બ્રીડિંગ થઈ રહ્યું છે. પક્ષી વિશેષજ્ઞોના મત મુજબ ફ્લેમીંગોના રહેઠાણ માટેનું મુખ્ય સ્થળ કચ્છનો છારીઢંઢ વિસ્તાર જ છે પરંતુ ત્યાં પાણી અથવા તો સંજોગો બદલાયા હોવાથી તેઓ સુરત તરફ પોતાનું નવું રહેઠાણ બનાવવા લાગ્યા છે. ખાસ કરીને હવામાનમાં મોટો ફેરફાર જોવા મળે અથવા તો ઢીલે થાય તો તેના આધારે ફ્લેમીંગોના વર્તનમાં ફેરફાર જોવા મળતો હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફ્લેમીંગો માનવ વસ્તીથી દૂર રહેવાનું પસંદ કરતા હોય છે. પરંતુ છેલ્લા દોઢ - બે વર્ષમાં કચ્છના છારીઢંઢ સહિતના વિસ્તારોમાં કંપનીઓના આગમનના પગલે ત્યાં પણ લોકો તેમજ મશીનરીઓની આવનજાવન વધતા ફ્લેમીંગો પણ તેનાથી પ્રભાવિત થયા છે. પ્રકૃતિપ્રેમીઓના વિરોધ છતાં કંપનીઓને આ વિસ્તારમાં જમીન ફાળવી દેવાતા ફ્લેમીંગોનું આશ્રય સ્થાન છીનવી લેવાયું છે. જેના પગલે ફ્લેમીંગોએ સુરતમાં પડાવ નાખ્યો છે.

## નખત્રાણાના વિથોણ ગામે બાળરોગ નિદાનનો કેમ્પ યોજાયો





ભુજ : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિથોણ મધ્યે નિ:શુલ્ક બાળરોગને લગતાં સર્વે રોગોનો નિદાન કેમ્પ માતૃ સ્પર્શ હોસ્પિટલ નખત્રાણા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી કચેરી ડો. એ.કે. પ્રસાદના માર્ગદર્શન હેઠળ પીએચસી વિથોણ દ્વારા કેમ્પનું આયોજન કરવામા આવ્યો હતો. કેમ્પમાં ઊંચાઈ, વજન, ડાયાબિટીસ, તાવ, ઉધરસ, શરદી જેવા વગેરે અન્ય રોગોની મફત સારવાર કરવામાં આવી હતી.

જરૂરીયાત પ્રમાણે દર્દીઓનો મફત દવાઓ આપવા આવી હતી, અન્ય બીમારીઓ માટે માતૃ સ્પર્શ હોસ્પિટલના ડોકટર અને તેમની મેડીકલ ટીમ દ્વારા નિદાન કરવામાં આવ્યું હતું. ડો. મનોહર શર્મા, ભાવેશ રબારી, વિશાલ પાયણ, મોહિત પટેલ, અરવિંદભાઈ ઠાકોર, જાડેજા ધર્મેન્દ્રસિંહે સેવા આપી હતી. આ તબક્કે વિથોણ પીએચસી સ્ટાફ દ્વારા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. વિથોણ તેમજ આજુ બાજુના ગામના દર્દીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

કેમ્પનું દિપ પ્રાગટ્ય નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જયસુખભાઈ પટેલ, નખત્રાણા તાલુકા ભા.જ.પ.ના પ્રમુખ દિલીપભાઈ પટેલ, વિથોણના પૂર્વ સરપંચ રતિલાલ ખેતાણી, નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજેશ પલણ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર સુલેમાન પિંજારા, ડો. અજયભાઈ ત્રિવેદી, ડો. કશ્યપભાઈ ડોડીયા, નખત્રાણા વિથોણ સરકારી દવાખાના સ્ટાફ તરફથી હિરલબેન સુતરીયા, સીએચઓ ચંદ્રકાંત મકવાણા, પ્રિયાબેન માનાણી, મયુરીબેન સીજુ, હીનાબેન પટેલ, હીનાબેન લોચા, દિવ્યાબેન ગરોડા, બિંદીયાબેન પરમાર, ગીતાબેન પટેલ, આશાબેન દરજી, જ્યોતિબેન બુચિયા, રોશનીબેન ગરવા, ઉષાબેન લોંચા, ગીતાબેન ગરવા, ચેતનાબેન લોચા, વાણંદ ગુણવંતીબેન, લક્ષ્મીબેન લોંચા, વસંતાબેન માનાણી, અલીમામદભાઈ સમાએ કર્યું હતું. સંચાલન માતૃ સ્પર્શ હોસ્પિટલના અરવિંદભાઈ ઠાકોરએ જ્યારે આભારવિધિ જાડેજા ધર્મેન્દ્રસિંહે કરી હતી.

# ખેતી માટે અતિ ઉત્તમ દેશી ગાયના મૃતદેહનું સમાધિ ખાતર



ભુજ : તાજેતરમાં રાપર કચ્છના ભીમાસર ગામે એક પરિવારને વ્હાલી ગંગા નામની ગાયના મૃત્યુ પછી એ ગાયની વાજતેગાજતે અંતિમ યાત્રા કાઢવામાં આવી અને વિધિવત સમાધિ અપાઈ તેના સમાચાર દરેક માધ્યમોમાં જોવા મળ્યા.

આ ઘટના વીશે નાની નાગલપર અંજાર-કચ્છના ગોપાલક અને સ્વામિનારાયણ મંદિર ભુજ પ્રેરિત ગાય ખેતી અભિયાનની મુખ્ય સમિતિના સભ્ય તથા આરએસએસ પ્રેરિત ગો સેવા ગતિવિધિ સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મેઘજીભાઈ હીરાણીને વાત કરતાં એમણે કહ્યું કે, આવી ભાગ્યશાળી ગાય અને આવા ગાય પ્રેમી પરિવાર કેટલા ? તેનાં કરતાં પોતે સ્વયં જેમનો પ્રયોગ કરી ચુક્યા છે એ રીતે શક્ય હોય ત્યાં સુધી ગાયોને વાડીમાં સમાધી આપીને પાક માટે તેનું અતિ મુલ્યવાન ખાતર બનાવાય તો મૃત્યુ પામેલ ગાયનું સન્માન જળવાય અને માપ વગરનાં રસાયણીક ખાતરો અને ઝેરી જંતુનાશકોથી સાવ મૃતપાય બની ગયેલ ધરતીમાતા પણ ફળદ્રુપ બને અને લોકોનું આરોગ્ય પણ સુધરે. વિગતે વાત માંડતા મેઘજીભાઈ કહે છે કે, વર્તમાનમાં ગમે ત્યાં ગાય કે ગોવંશનું મૃત્યુ થાય એટલે મોટાભાગે તેને વસ્તીથી દુર લઈ જઈ વગડામાં ખુલ્લા છોડી દેવાય છે જ્યાં કુતરા સહિતના જંગલી જનાવરો તેને વિકૃત રીતે ફાડી ખાય છે અને બચેલ મૃતદેહ દુર્ગંધ સાથે દિવસો સુધી સડતો રહે છે. સાચા ગૌ પ્રેમીઓ માતા સમાન ગાયની આ દુર્દશા જોઈને અતિ દુખી થાય છે ત્યારે તેનાં નિવારણનો ઉત્તમ પ્રયાસ એટલે ગાય કે ગૌવંશના મૃતદેહને સમાધિ આપી ને ખેતી માટે અતિ મુલ્યવાન એવું સમાધી ખાતર બનાવવું. આ ખાતર બનાવવાની સરળ પ્રક્રિયા જણાવતાં મેઘજીભાઈ કહે છે કે, સૌ પ્રથમ વાડી કે ખેતરની વધારાની જમીનમાં જેસીબી જેવાં મશીનથી જમીનમાં સાત ફુટ લાંબો, ચાર ફુટ પહોળો અને ચાર ફુટ ઉંડો ખાડો કરવો, તેમાં તળિયે ચાર ઇંચ જેટલું ભીનું ગોબર પાથરી દેવું, પછી પચીસ કિલો જેટલું ગાંગળા નમક અને પાંચેક કિલો ચુનો નાખીને તેની ઉપર મૃતદેહને સન્માનપૂર્વક સુવડાવી દો, ઉપર ફરીથી મૃતદેહ ઠંકાઈ જાય એટલું ગાંગળા નમક મુકીને ફરી એકાદ ફટ ભીનું ગોબર અને પાંચ કીલો ચુનો પાથરી દો. પછી ઉપર માટી નાખીને ક્યાંયથી પાણી ન જાય એ રીતે માહી દબાવીને ખાડો દાટી દો. આવું કરવાથી મૃતદેહ સડશે નહીં અને હાડકાં સહિત સંપૂર્ણ કુદરતી રીતે ગળી જશે. જેવો ગૌવંશ એ પ્રમાણે ખાડાની લંબાઈ અને પહોળાઈમાં વધઘટ કરી શકાય. લાંબા સમય પછી એ જગ્યા ભુલી ન જવાય તેની ઓળખ માટે માટીના ઢગલાની વચ્ચોવચ્ચ જમીનમાં પાઈપ જેવી કોઈ વસ્તુ ઉભી કરી દેવી. દોઢ વર્ષ પછી પાંચ ફુટ સુધીનો ખાડો ખોદીને માટી બહાર કાઢશો તેમાંથી પગની ખરી અને શિંગડા જેમના તેમ હશે પણ બાકીનું શરીર એકદમ ગળી જઈ સુગંધિત ખાતર બની ગયેલ હશે. ખાડામાંથી બહાર નીકળેલ બધી જ માટી અને ખાતરનું બરોબર મિશ્રણ કરીને કોથડાઓ ભરીને ભેજ વગરની જગ્યાએ સાચવી લેવાના અને વરસાદ પછી અથવા વાડીમાં પાણી આપી દીધા પછી એક એકરમાં સરખે ભાગે છાંટી દેવાથી સાવ બિન ઉપજાઊ જમીન પણ ફળદ્રપ બનશે. કોઈપણ પાકની ગુણવત્તા અને ઉત્પાદન પણ સુધરશે. કોઈ પણ ફળના વૃક્ષોને આ ખાતર આપવાથી પણ ઉપરોક્ત લાભ થશે. પુખ્ત વયની એક ગાયનું સમાધિ ખાતર એક એકરમાં નાખવાથી જમીનમાં પાંચ વર્ષ સુધી ડીએપી એટલે કે ફોસ્ફરસની જરૂરિયાત કુદરતી રીતે પુરી કરી શકે છે એટલે ખેડુત રસાયણીક ખાતર પાછળ થતા મોટા અને અવિચારી ખર્ચથી પણ બચી શકે છે.

કોઈપણ ખેડુત પોતાની આજુબાજુ મૃત્યુ પામેલ કોઈપણ દેશી ગોવંશના મૃતદેહને આવી રીતે સમાધી ખાતર બનાવવા ઉપયોગમાં લઈ લે તો પોતાની વાડીની જમીન બહુ જ ઓછા ખર્ચે ખુબ ઉપજાઉ બનાવી શકે છે અને રઝળતા મૃતદેહનો પણ ખુબ સારી રીતે નિકાલ થઈ શકે છે. ગાયને સમાધિ આપવા સમયે ચુંદડી ઓઢાડવી, ધુપ દીવો કરી કંકુ ચોખા સહિત સૌ પોતાની શ્રધ્ધા અનુસાર પુજા વિધિ કરીને ભાવથી અંતિમ વિદાય પણ આપી શકે છે.દેશી ગાયમાતા દૂઝે ત્યાં સુધી અમૃત સમાન દુધ, ન દુઝતી હોય તો પણ ગોબર અને ગોમુત્ર અને મૃત્યુ પછી સમાધી ખાતર સ્વરુપે ધરતીમાતાને અદ્ભુત પોષણ આપવાની ક્ષમતા ધરાવે છે ત્યારે ગાયના વિષયને લઈને દેશભરમાં થતા પોતાના સતત પ્રવાસોને આધારે મેઘજીભાઈ જણાવે છે કે અનેક રાજ્યોમાં અતિ સફળ થયેલ આ પ્રયોગ જે પણ ખેડુત કરશે તો એનાં સારાં પરિણામ ચોક્કસ મળશે.

## ડો. બાબાસાહેબની જન્મજયંતિએ માંડવીમાં મેડિકલ કેમ્પ યોજાયો



ભુજ : વિશ્વ હિન્દુ પરિષદ માંડવી દ્વારા ભારત રત્ન ડો .બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિતે તેમની પ્રતિમાને હારારોપણ સહિત વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન હનુમાન મંદિર પાસે, કલવાણ રોડ, માંડવી મધ્યે કરવામાં આવ્યું હતું, જેમાં વાલ્મિકીનગર, ગોકુલવાસ, મારવાડા વાસ, જોગી વાસ, સુખનાથ વાસના વિસ્તારોમાંથી ૨૮૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. સાથે જરૂરતમંદોને દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.માંડવી વિહિપ નગર અધ્યક્ષ જીગરભાઈ બાપટ, મંત્રી હિતેશભાઈ દામાં, સહમંત્રી પ્રવિણસિંહ ચાવડા, પ્રદીપભાઈ મામતોરા, ધૈર્યભાઈ કનાણી, સેવા સહસંયોજક કમલેશભાઈ ચૌહાણ, સાજન ચૌહાણ, જીગ્નેશ સોલંકી, હરેશ ગોસ્વામી વગેરે કાર્યકરોએ સંપૂર્ણ આયોજન કર્યું હતું. પશ્ચિમ કચ્છ જીલ્લા ધર્મપ્રચાર પ્રસાર અધ્યક્ષ દિપેશભાઈ જોષી તેમજ સત્સંગ પ્રમુખ નિર્મલભાઈ અસોડિયા, વિરલભાઈ ભોરણીયા, રશ્મિભાઈ સોની, નિલેશભાઈ અબોટી, પંકજભાઈ ભાનુશાલી, શાંતિલાલ પટેલ, ડો. કે.જી.કે. વૈષ્ણવ, કૈલાસ ઓઝા, પરિન વાંઝા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ડો. દીક્ષા પંડ્યા તેમજ વિશાલ પંડ્યાએ સેવા આપી હતી તેમ કુલદીપ શેઠે જણાવ્યું હતું.

# દુધઈ સબ બ્રાન્ચ કેનાલના પાંચ ટેન્ડર ભરાયા

**કેનાલના કામ માટે અનેક વિઘ્નો સામે આવ્યા : આખરે ટેન્ડર ભરાઈ જતા કામગીરી ટુંક સમયમાં ચાલુ થશે**

ગાંધીધામ : આખરે લાંબા સમયથી અટકેલી દુધઈ સબ બ્રાન્ચ કેનાલના ટેન્ડર પ્રક્રિયા આગળ વધી રહી છે તેવા સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. સત્તાવાર સાધનો પાસેથી મળતી માહિતી મુજબ દુધઈ સબ બ્રાન્ચ કેનાલની ટેન્ડર પ્રક્રિયા લાંબા સમયથી ઘોંચમાં પડી હતી તે પ્રક્રિયા અંતે ચાલુ કરવામાં આવી છે. હવે ટુંક સમયમાં ટેન્ડર ખોલવાની પ્રક્રિયા તરત જ હાથ ધરવામાં આવશે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે તેવું સૂત્રો જણાવી રહ્યા છે. અગાઉ આ કામ માટે ૧૫૦૦ કરોડનો ખર્ચ આંકવામાં આવ્યો હતો. બાદમાં ટેન્ડર ક્રેક કરવામાં આવ્યા હતા. તેના બદલે ડિઝાઈનમાં ફેરફાર કરી તાજેતરમાં ૫૦૦ કરોડના ટેન્ડર બહાર પડ્યા હતા. આ ટેન્ડરને ખોલવાની પ્રક્રિયા ૬ માર્ચ રાખવામાં આવી હતી અને ૪ માર્ચના યોજાયેલી પ્રી લીડમાં કંપનીઓએ બે માસનો સમયગાળો માંગ્યો હતો, પરંતુ નિગમે ૧૮ માર્ચ નક્કી કરી હતી તે સમયગાળામાં સર્વર ડાઉન હોવાના કારણે એકપણ ટેન્ડર અપલોડ થઈ શકયા ન હતા. જેના કારણે વધુ એક મુદત પડતા હવે આ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન પાંચ ટેન્ડરો ભરાઈ ગયાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. હાર્ડ કોપી આવી ગયા બાદ ટુંક સમયમાં ટેન્ડરો ખોલવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે યાદ અપાવવું જરૂરી બને છે કે, ૨૪ કિલોમીટરની કેનાલ બની ગયા બાદ પહેલાં બાકીના વિસ્તારોમાં પાણીની લાઈનની વાત હતી. ખેડૂતોના વિરોધ બાદ કેનાલ બનાવવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયામાં મોડું થયું હતું. હવે નવેસરથી ટેન્ડર ભરાઈ ગયા છે. કામગીરી આગળ વધશે તેવું જાણકારો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## તું મારી બાજુમાં જમવા કેમ બેઠો ? તેમ કહી રાપરમાં હુમલો

રાપર : શહેરમાં રામદેવપીર મંદિરના ઓટલા પાસે તું મારી બાજુમાં જમવા કેમ બેઠો ? તેમ કહી હુમલો કરવામાં આવ્યો હતો. મંદિર ખાતે જમણવારનો પ્રસંગ હતો ત્યારે આ બનાવ બન્યો હતો. આરોપી દિનેશ નાનજી લાલજી રાઠોડે ફરિયાદી ગીરધરભાઈ ખેંગાભાઈ સોલંકીને જમવા માટે બેસવા મુદ્દે ગાળો આપતા ફરિયાદીએ ગાળો બોલવાની ના કહીં જેનું મનદુ:ખ રાખી આરોપીઓ દિનેશ ઉપરાંત શૈલેષ મનજી રાઠોડ, રવજી નાનજી રાઠોડ, હરેશ મનજી રાઠોડ, હેમરાજ સેજા રાઠોડ, રૂપા સેજા રાઠોડે પ્રાણઘાતક હથિયાર ધારણ કરી મંડળી બનાવી ફરિયાદીને કપાળના ભાગે ધારીયું મારી કમ્મરના ભાગે છરી વડે ઈજાઓ પહોંચાડી હુમલો કર્યો હતો. જે અંગે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

# રવાપર ખાતે દરિયાલાલ જયંતિની ઉજવણી કરાઈ



રવાપર : નખત્રાણા તાલુકાના રવાપર લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા ૮૫૧મી દરિયાલાલ જયંતિ નિમિતે દરિયાલાલ મંદિર ખાતે ભવ્ય પૂજન, અર્ચન, આરતી, પાલખીયાત્રાનું ભવ્ય આયોજન, સમુહપ્રસાદ યોજાયો હતો.દર વર્ષની જેમ આ વર્ષે રવાપર લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા ૮૫૧ની પાલખીના દાતા મેહુલભાઈ શંભુલાલ ચંદન પરિવારે લાભ લીધો હતો. ટ્રસ્ટના પ્રમુખ અશ્વિનભાઈ રૂપારેલના જણાવ્યા અનુસાર સમસ્ત મહાજન દ્વારા બપોર સુધી પોતાના ધંધારોજગાર બંધ રાખી દરિયાલાલ મંદિરથી પાલખીના દાતા પરિવાર સુધી શોભાયાત્રા બાદ મંદિર ખાતે પુજન, આરતી બાદ સમાજની સાથે સારસ્વત બ્રાહ્મણ અને શિવપુજારી પરિવારનું ભવ્ય સમુહપ્રસાદ યોજાયું હતું. આ પ્રસંગે સમાજના વડીલ વર્ગ રતનશી ચંદન, શંભુલાલ ચંદન, શંકરલાલ ચંદન, હરેશ રૂપારેલ, ધરમશી સચદે, પ્રતાપભાઈ સચદે,ભાવેશ તન્ના, નિલેશભાઈ રૂપારેલ, દિનેશભાઈ ચંદન તેમજ યુવક મંડળ અને ટ્રસ્ટના ટ્રસ્ટી હરેશ ચંદન, મિતેશ સચદે, મહેશ રૂપારેલ, દર્શન ચંદન, કિશન અનમ, તેજસ સચદે, સૌરવ રૂપારેલ, જય રૂપારેલ, ભાવિક ચંદન, વિવેક રૂપારેલ, મેહુલભાઈ ઠક્કર, નિલેશ સચદે, કિશન સચદે, વિલેશ રૂપારેલ, પરેશ રૂપારેલ, લંકેશ ચંદન, બીપીન ચંદન, અક્ષય સચદે સહિત જ્ઞાતિજનો હાજરી આપી હતી. મહિલા મંડળ દ્વારા સહયોગ સહિત આચાર્યપદે પ્રકાશભાઈ જોષી રહ્યા હતા તેવું લોહાણા મહાજનની યાદીમાં જણાવ્યું હતું.

# ખાવડામાં ૮૫૧મી દરિયાલાલની જન્મ જયંતીની ઉજવણી



ભુજ : ખાવડા ગામે ૮૫૧મી દરિયાલાલની જન્મ જયંતી કચ્છના છેવાડા ઉપર આવેલ ખાવડા ગામે દરિયાલાલ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવી હતી. સંગીત સંધ્યા મહિલા મંડળ તરફથી આરતી શણગારનું આયોજન કરવામાં આવ્યું હતું. એકથી ત્રણ નંબર આવેલાને ઈનામો પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. રાત્રે સમૂહ ભોજન જ્ઞાતિનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વિશાલભાઈ, વિપુલ તન્ના, પ્રમુખ હીરાલાલભાઈ રાજદે, ધીરજલાલ, ધીરજભાઈ, કનૈયાલાલ, ચમનભાઈ કેસરિયા, પાર્થ ગણત્રા, આશિષભાઈએ જહેમત ઉઠાવી હતી.

## બરંદા ગામે સિંચાઈ વિભાગના ડેમમાં ખેતર ખેડી પાણી આપવાનું બંધ કરાયું

લખપત : તાલુકાના બરંદા ગામની ઉત્તર-પૂર્વ બાજુ મોટો ડેમ આવેલ છે જેમાંથી આ ગામના પશુઓ અને રાત્રી દરમ્યાન અન્ય જંગલી જાનવરો વગેરે માટે આશ્રય સમાન છે. આ ગામના માથાભારે શખ્સ આમદ ઓસમાણ સમેજાએ આ ડેમમાંથી આવતો પાણી બંધ કરી તે ડેમની જમીનમાં ખેતર વાવી નાખ્યો છે.

ઢોર માટે પાણી ન મળવાથી અહીંનો માલધારી વર્ગ હાલાકી ભોગવી રહ્યો હોવાથી આ અંગે બરંદા ગામના સામાજીક અગ્રણી અલીઅકબર ઈસ્માઈલ લુહાર તથા અન્ય માલધારી વર્ગ દયાપર મામલતદાર, જંગલ ખાતાને પત્ર લખી તેમાં જણાવ્યું છેકે ખેતરમાં વાવી કરી તેને ફરતે શોર્ટસર્કીટ લગાડી દીધી છે. જેથી ખેતરમાં કોઈ પશુ અંદર દાખલ ન થાય તેના માટે આ લગાડવાથી અનેક પશુઓના દિવસે રાત્રે મરણ થઈ ગયા છે.

માલધારી વર્ગને તમારાથી જે થાય કરી લ્યો અને સિંચાઈનો પાણી ચાલુ નહી કરૂં એક તો સરકારી જમીન ઉપર ગેરકાયદેસરનો દબાણ ઉપરથી પાણી ન ચાલુ ન કરવું આ કારણે માલધારી વર્ગ હેરાન થઈ ગયો છે. ગેરપ્રવૃત્તિ કરનારા શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ડેમનો પાણી છોડવામાં આવે તેવી માંગ કરી છે. આ વેળાએ મામદ તૈયબ, એસ.ઓ. લુહાર, મામદ ઈસ્માઈલ વગેરે સાથે રહ્યા હતા.

# બન્નીમાંથી કતલ ખાતે લઈ જવાતી ભેંસો અટકાવા માંગ કરાઈ

ભુજ : તાલુકાના બન્ની વિસ્તાર ગ્રાસલેન્ડ અને સફેદરણ સાથે બન્નીની લાખેણી ભેંસ વિશ્વભરમાં પ્રખ્યાત છે ત્યારે અહીં લુખ્ખા તત્વો દ્વારા ભેંસો ચોરી કસાઈને વેચવાના કારસ્તાનો રખાય છે. છેલ્લા કેટલાક સમયથી બન્નીના અમુક લુખ્ખા તત્વો ભેંસો ચોરી અમદાવાદ, મહેસાણા લઈ જઈ કસાઈને વેચી દેવામાં આવે છે તેવો આક્ષેપ સરાડા મોટાના જત રહેમતુલા હાજીએ કર્યો છે. પત્રમાં વધુ જણાવ્યું કે, આ ચોર ટોળકીએ ગ્રામ પંચાયતનો ખોટો દાખલો રસ્તા ઉપર તપાસનીશ અધિકારીઓને બતાવે છે. સ્થાનિક ગ્રામ પંચાયતના ખોટા લેટરપેટ અને સરપંચના સિક્કા બતાવ્યા છે. કોઈ અધિકારી રસ્તામાં ચોરોને અટકાવે તો તેમને બતાવવામાં આવે છે. આ લેટરપેડને માન્ય ન રાખી કોઈપણ પોલીસ સ્ટેશનનો દાખલો ચલાવવામાં આવે જેથી કસાઈ પાસે જતી ભેંસો મોતના મુખમાંથી બચાવી શકાય. આ અંગેનો આવેદનપત્ર રાજ્યના ગૃહમંત્રીને મોકલવામાં આવ્યું છે.

## બજારભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભુજ માર્કેટ યાર્ડ | | ગોવાર | ૯૮૦-૧૦૦૦ | આદુ | ૧૦૦-૧૫૦ |
| ૧૦૦ કિલોના ભાવ | | સાખજીરૂ | ૪૦૦૦-૪૨૦૦ | કારેલા | ૧૦-૨૫ |
| ગોવાર | ૫૧૫૦-૫૨૨૬ | વરિયાળી | ૯૦૦-૧૦૦૦ | શક્કરિયા | ૨૦-૩૫ |
| ભુજ માર્કેટ યાર્ડ | | રાયડો | ૯૦૦-૯૨૯ | ચોળા ડોલર | ૩૫-૬૦ |
| ૪૦ કિલોના ભાવ | | ભુજ માર્કેટ યાર્ડ | | ચોળી | ૫૦-૮૦ |
| એરંડા | ૨૨૦૦-૨૨૨૦ | (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ) | | ગીલોડા | ૨૦-૩૫ |
| રાયડો | ૧૮૫૦-૧૮૮૦ | ડુંગળી | ૧૭-૨૨ | મરચા સીમલા | ૨૦-૬૦ |
| ઈશબગુલ | ૪૦૯૦-૪૩૩૦ | બટેટા | ૨૦-૨૫ | ગોવાર દેશી | ૨૦-૮૦ |
| ધાણા | ૨૧૬૦-૨૭૬૪ | ટમેટા | ૩-૧૫ | ગોવાર | ૨૦-૬૦ |
| અંજાર માર્કેટ યાર્ડ | | લીલી ડુંગળી | ૫-૨૦ | ગીસોડા | ૮-૨૦ |
| ૧૦૦ કિલોના ભાવ | | મરચા | ૧૦-૪૫ | પરવળ | ૫૦-૮૦ |
| ધાણા | ૬૦૦૦-૬૪૨૦ | મરચી | ૪૦-૮૦ | સરગવો | ૧૦-૩૦ |
| વરિયાળી | ૪૦૦૦-૬૪૭૦ | રીંગણા કાળા | ૫-૧૮ | ગેલકા | ૧૦-૨૦ |
| અંજાર માર્કેટ યાર્ડ | | રીંગણા બાજરીયા | ૫-૨૫ | કોળુ | ૮-૧૫ |
| ૪૦ કિલોના ભાવ | | કોબી દેશી | ૫-૧૫ | બીટ | ૧૦-૨૦ |
| એરંડા | ૨૧૦૦-૨૨૮૨ | કોબી | ૫-૧૨ | મેથી | ૧૦-૩૦ |
| કપાસ | ૨૭૦૦-૩૦૫૦ | ફુલાવર | ૧૦-૨૦ | ભુજ ફ્રુટ બજાર | |
| જીરૂ | ૬૧૦૦-૮૫૮૦ | ફુલાવર દેશી | ૬-૨૦ | કેળા કાચા | ૧૦-૧૫ |
| અજમો | ૪૦૦૦-૫૦૦૦ | વટાણા | ૬૦-૭૦ | કેળા પાકા | ૩૦-૩૫ |
| ઈશબગુલ | ૩૫૦૦-૪૫૭૦ | ધાણા | ૧૫-૨૫ | પપૈયા કાચા | ૮-૧૫ |
| રાપર માર્કેટ યાર્ડ | | ભીંડા | ૨૦-૪૦ | પપૈયા પાકા | ૧૦-૨૫ |
| જીરૂ | ૩૧૩૪-૪૧૬૧ | કાકડી કાળી | ૫-૧૫ | જામફળ | ૧૫-૩૫ |
| એરંડા | ૧૦૫૭-૧૦૯૪ | કાકડી સફેદ | ૫-૧૫ | ચીકુ | ૧૫-૩૫ |
| વરિયાળી | ૮૯૨-૧૧૬૧ | કાકડી ખીરા | ૭-૨૦ | શક્કરટેટી | ૧૦-૩૦ |
| ઈશબગુલ | ૧૯૦૦-૨૦૫૧ | પાલક | ૧૦-૨૦ | કાચી કેરી | ૧૫-૩૫ |
| સોવા | ૮૫૧-૯૬૧ | લસણ લીલું | ૭૦-૮૦ | પાકી કેરી | ૩૦-૭૦ |
| ઘઉં | ૪૪૬ | લસણ સુકું | ૧૨૦-૧૫૦ | ફણસી | ૫૦-૭૦ |
| મઠ | ૮૨૫ | લીંબુ | ૨૦-૮૦ | દાડમ | ૧૦-૬૦ |
| ભચાઉ માર્કેટ યાર્ડ | | પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૦ | કલીંગર | ૫-૧૫ |
| એરંડા | ૧૦૯૩-૧૧૧૮ | દુધી | ૩-૧૨ | | |

## વાલ્મિકી સમાજ દ્વારા રામમંદિરમાં મહાઆરતી યોજાઈ



ભુજ શહેરના દાદુપીર રોડ ઉપર આવેલ વાલ્મિકીનગરમાં રામનવમી નિમિતે સવારથી અલગ અલગ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. સાંજે મહાઆરતી રાખવામાં આવી હતી. જેમાં સમાજના અગ્રણીઓ, સનાતન હિન્દુ સમાજના લોકો બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. આ વેળાએ વિનોદભાઈ સોલંકી, મનોજભાઈ સોલંકી સહિત વિવિધ સામાજીક અગ્રણીઓ, રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા.

## માધાપરના પાટ હનુમાનજી મંદિરનો ૧૩મો પાટોત્સવ ઉજવાશે

ભુજ : તાલુકાના માધાપર નવાવાસ ખાતે માધાપર સ્પોર્ટસ નિર્મિત પાટ હનુમાનજી મંદિરનો ૧૩મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે. હનુમાન જયંતિના શુભદિને સવારે ૧૦ કલાકે માધાપરના વથાણ ચોક ખાતે ગાય માટે નિરણ કેન્દ્રનો શુભારંભ કરાશે. આ ઉપરાંત માધાપરમાં પ્રથમ વખત રાહતદરે આઈસીયુ એમ્બ્યુલન્સનું લોકાર્પણ તા. ૨૩/૪ના સાંજે કરવામાં આવશે. એમ્બ્યુલેન્સના દાતા તરીકે સ્વ. પ્રેમીલાબેન ધનજીભાઈ હાલાઈ, સ્વ. ભાનુબેન વિરજીભાઈ વરસાણીના મોક્ષાર્થે ખીમજી ધનજી હાલાઈ, રતનબેન ખીમજી હાલાઈ, પટેલ ધનસુખ લીંબાણી પરિવાર રહેશે. સાંખ્યયોગી બહેનોના હસ્તે લોકાર્પણ કરાશે. હનુમાન જયંતિ નિમિતે સાંજે ૭કલાકે પાટ હનુમાનજી મંદિર ખાતે સંગીતમય મહાઆરતી કરાશે તેવું પાટ હનુમાન મંદિર સમિતિ અને માધાપર સ્પોર્ટર્સની યાદીમાં જણાવાયું છે.

# કચ્છના પાન્ધ્રો પાસે મહાકાય નાગના અવશેષો મળ્યા

**રૂડકીના સંશોધન કર્તાઓને મળેલા કરોડરજ્જુ સહિતના અવશેષો આશરે ૪૭ મિલિયન વર્ષ પહેલાના હશે તેવું અનુમાન**

ભુજ : કચ્છ એક એવો પ્રદેશ છે જ્યાં હજારો વર્ષો જુના જાનવરોના હાડપીંજર મળ્યાછે જેમાં ડાયનાસોરના હાડપીંજર, ઈંડા અન્ય વિચરતી જાતિના અવશેષો મળ્યા છે ત્યારે હાલમાં વાસુકી નાગના અવશેષ તાજેતરમાં મળ્યા છે. તેની લંબાઈ આશરે ૧૧થી ૧૫ મીટર લાંબો મહાકાય સાપ વર્ષો પહેલા અહીં તેનું અસ્તિત્વ હશે તેવું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી રૂડકીના સંશોધન મુજબ ગુજરાતના કચ્છમાંથી મળી આવ્યા છે જે અત્યાર સુધીમાં સૌથી મોટા નાગની કરોડરજ્જુના હાડકા શોધી કાઢ્યા છે.

રૂડકીના સંશોધન મુજબ આ મહાકાય નાગ લાખો વર્ષ પહેલા પાન્ધ્રો લિગ્નાઈટ ખાણ પાસે વિચરતા હશે તેવું અહીં સંશોધન અર્થે આવેલા દેબાજિત દત્તા અને સુનિલ બાજપાઈએ કરેલા શોધમાં મળેલા નમૂના આશરે ૪૭ મિલિયન વર્ષ પહેલાના સાપ છે અને આ સાપના હાડકા શોધ્યા છે તેમના મત મુજબ આ પ્રજાતિ ભારત, યુરોપ, આફ્રિકા દેશોમાં રહેતા હતા. આ સાપ ભારતમાં ઉદભવતા વિશિષ્ટ વંશને પ્રતિનિધિત્વ કરે છે. હવે આ પ્રજાતિ લુપ્ત થઈ ગઈ છે. આ નવા શોધાયેલા સાપનું નામ વાસુકી ઈન્ડિક્સ નામ આપવામાં આવ્યું છે. આ નામ આપવા અંગે સાયન્ટીફીક રિપોર્ટસ જર્નલમાં પ્રકાશીત થયા મુજબ દેવોના દેવ મહાદેવના ગળામાં આવેલા પૌરાણિક સાપ પરથી રાખવામાં આવ્યું છે. આ પ્રજાતિ મેડરસોઈટનો એક ભાગ છે જેની લંબાઈ આશરે ૧૧થી ૧૫ મીટર લંબાઈ ધરાવતો હશે તેવો અંદાજ આંકવામાં આવ્યો છે.

# મતદારોના મિજાજ અને કાર્યકર્તાઓના ઉત્સાહથી ઐતિહાસિક લીડ નિશ્ચિત










**ભુજ વિધાનસભા મતક્ષેત્રના ચૂંટણી કાર્યાલય પ્રારંભ પ્રસંગે ભાજપના ઉમેદવાર અને સાંસદ વિનોદભાઈ ચાવડાએ વ્યકત કર્યો વિશ્વાસ : ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોની વિશાળ ઉપસ્થિતિમાં ચૂંટણી પ્રચાર કાર્યાલય ખુલ્લું મૂકાયું**



ભુજ : કચ્છ-મોરબી વિસ્તારના મતદારોનો મિજાજ અને કાર્યકર્તાઓનો ઉત્સાહ જોતા એવું પ્રતિત થઈ રહ્યું છે કે, આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપ લીડના તમામ જુના રેકોર્ડ તોડી ઐતિહાસિક જીત મેળવશે તેવું ભુજ ખાતે વિધાનસભા ક્ષેત્રના ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ભાજપના ઉમેદવાર અને વર્તમાન સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું. લોકસભા ચૂંટણીમાં મતદાનને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ પ્રચાર અભિયાનને વેગવાન બનાવ્યું છે. શુક્રવારે ભુજમાં વિધાનસભા ક્ષેત્રના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયને ઉમેદવાર વિનોદભાઈ ચાવડા અને જિલ્લા ભાજપના મોવડીઓની ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકાયું હતું. આ વેળાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ કાર્યકર્તાઓને જનસંપર્ક અભિયાનને વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો. દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સતત ત્રીજી વખત દેશનું સુકાન સોંપવા અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વખતે એનડીએને ૪૦૦થી વધુ અને ભાજપને ૩૭૦ બેઠક મળવા જઈ રહી છે ત્યારે કચ્છના મતદારો પોતાનું કમળ જંગી લીડ સાથે લોકસભામાં મોકલવા થનગની રહ્યા છે તેવું જણાવ્યું હતું. ભુજમાં કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, લોકસભા સંયોજક ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ શાહ, નરેન્દ્ર પ્રજાપતિ, ભુજના નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકી, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી, બાલકૃષ્ણ મોતા, ભીમજીભાઈ જોધાણી, કેડીસીસીના ચેરમેન દેવરાજભાઈ ગઢવી, વૈભવ બોરીયા, ભીખુભાઈ વાઘેલા, કિરીટભાઈ સોમપુરા, પરાક્રમસિંહ જાડેજા, શંકરભાઈ ઠક્કર, પ્રવિણસિંહ વાઢેર, મહિદીપસિંહ જાડેજા, ભીખુભા વાઘેલા, તાપસ શાહ, રાહુલભાઈ ગોર, પ્રફુલસિંહ જાડેજા, જયંતભાઈ માધાપરિયા, જયદીપસિંહ જાડેજા, ભૌમિક વચ્છરાજાની, રેશ્માબેન ઝવેરી, નરેન્દ્ર ઠક્કર, રસિક મહેતા, ગોદાવરીબેન ઠક્કર, દિનેશ ઠક્કર, કંકુબેન આહિર, અશોક હાથી, માવજી ગુંસાઈ, હરિભાઈ જાટિયા, ડી.કે. આહિર, રિતેન ગોર, જીતુભા જાડેજા, માણેકભાઈ ગેલવા, ઘનશ્યામ આર. ઠક્કર, કશ્યપ ગોર, ઘનશ્યામ સી. ઠક્કર, હનીફ માંજોઠી, કાસમ કુંભાર, દિવ્યરાજસિંહ જાડેજા, નરેશ મહેશ્વરી, અનિલ છત્રાળા, ઈસ્માઈલ માંજોઠી, અલીમામદ જત, ફૈઝલ મુતવા, દિલીપ ત્રિવેદી, અનવર નોડે, જયંત ઠક્કર, કમલ ગઢવી, હિતેશ મહેશ્વરી, ભરત રાણા, ધીરેન લાલન, મયૂરસિંહ જાડેજા, નરેશ પટેલ, હરી ઠક્કર, ઈમરાન પરમાર, મંદાબેન પટ્ટણી, પૂજાબેન, હર્ષલબેન ગોર વગેરે હાજર રહ્યા હતા.

**મતદાનને આડે એક પખવાડિયાથી પણ ઓછો સમય બાકી છતાં...**

# કચ્છમાં લોકસભા ચૂંટણીના માહોલમાં નિરસતા અકળાવનારી

**ગ્રામ્ય વિસ્તારોમાં તો હજુય પ્રચાર - પ્રસારનો ધમધમાટ વર્તાઈ રહ્યો છે પણ શહેરોમાં તો ભર ઉનાળે ઠંડો માહોલ : બન્ને પક્ષોએ સોશિયલ મીડિયાને જ જાણે પ્રચારનું માધ્યમ બનાવ્યું હોય તેવી સ્થિતિ**




**સત્તાપક્ષ પાસે મોદી મેજીકની ચાવી તો વિપક્ષ પણ મોદીના નામે જ ધોઈ રહ્યું છે માછલા... બન્ને મુખ્ય રાજકીય પક્ષો પાસે સબળ અને પ્રજાકીય મુદ્દાઓનો સદંતર અભાવ**

**જાહેર સભા તથા ચોક્કસ નેતાના કાર્યક્રમોમાં ફ્રેમમાં ગોઠવાઈ જનારા જભ્ભા લેંગાધારીઓ ત્યારબાદ થતા અદ્રશ્ય : ૨૨મીએ ફોર્મ ખેંચવાની અંતિમ તારીખ હોઈ ત્યાર બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થવા સાથે માહોલ જામે તેવો આશાવાદ**

ભુજ : દેશની ૧૮મી લોકસભા માટે સાત તબક્કામાં ૫૪૩ બેઠકો માટે મતદાન યોજાનારૂં છે જેનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે. કચ્છ સહિત ગુજરાતની ૨૬ બેઠકો માટે ત્રીજા તબક્કામાં એટલે કે, ૭મી મેના રોજ મતદાન યોજાનાર છે. હાલમાં ઉમેદવારી નોંધાવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે અને ફોર્મ ચકાસણી અને ત્યારબાદ ફોર્મ પરત ખેંચવા સહિતની પ્રક્રિયા હાથ ધરાશે. જો કે મતદાનને આડે એક પખવાડિયાથી પણ ઓછો સમય બાકી હોવા છતાં કચ્છમાં લોકસભા ચૂંટણીનો માહોલ નિરસ જણાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો મુજબ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ હોઈ અહીં ચૂંટણીને પણ પર્વની જેમ ઉજવવામાં આવે છે. દેશનો વિસ્તાર ખુબ જ વિશાળ હોઈ તેમજ સ્થાનિક સ્વરાજ્યથી લઈ વિધાનસભાની જુદા જુદા સમય ટર્મ પુરી થતી રહેતી હોઈ ભારત ભરમાં કોઈને કોઈ વિસ્તારમાં ચૂંટણી યોજાતી જ રહેતી હોય છે. જો કે, લોકસભાની ચૂંટણી એક સાથે યોજાતી હોઈ દેશભરમાં દર પાંચ વર્ષે લોકશાહીના મહાપર્વની ઉત્સાહભેર ઉજવણી જોવા મળતી હોય છે. રાજકીય પક્ષો અને તેના ઉમેદવારોની સાથોસાથ મતદારોમાં પણ અનેરો થનગનાટ જોવા મળતો હોય છે. સ્થાનિક સ્વરાજ્ય એટલે કે, ગ્રામ પંચાયત, પાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં સ્થાનીક નેતાઓ અને સ્થાનિક મુદ્દાઓનું વર્ચસ્વ વધુ રહેતું હોઈ આ મુદ્દા ઉમેદવારોની હાર - જીત નક્કી કરવામાં મહત્વની અને ચાવીરૂપ ભૂમિકા ભજવતા હોય છે. રોડ, રસ્તા, સફાઈ, પાણી જેવા પ્રાથમિક મુદ્દાઓ પણ ચમરબંધીઓને ઘરભેગા કરી દેતા હોય છે. તો અનેક વખત હાંસિયામાં રહેલા લોકો પણ પ્રજા એટલે કે, મતદારોની નાડ પારખીને જાહેર જીવનમાં કાઠું કાઢી લેતા હોય છે. જ્યારે વિધાનસભાની ચૂંટણીમાં બેઠકનો વિસ્તાર અને મતદારો વધી જતા હોઈ સ્થાનિક મુદ્દાની સાથોસાથ રાજ્ય સરકારે કરેલી કામગીરીના લેખા જોખા પણ જોવાતા હોય છે. પરંતુ લોકસભા ચૂંટણીમાં તો સ્થાનિક સ્વરાજ્યથી લઈ વિધાનસભા ચૂંટણીમાં ઉઠતા મુદ્દાઓ અને પ્રશ્નો જાણે હાંસિયામાં જ ધકેલાઈ જતા હોય તેમ રાષ્ટ્રીય મુદ્દા અને રાષ્ટ્રીય ચહેરાઓના આધારે જ ચૂંટણી જંગ ખેલાતો હોઈ જે તે બેઠક પર જાહેર થતા ઉમેદવારોની તરફેણમા રાષ્ટ્રીય સ્તરના નેતાઓ જ જાહેરસભા કરી પોતાની યશગાથા વર્ણવે છે. રાજયની અન્ય બેઠકોની સાથોસાથ કચ્છ લોકસભા બેઠક પર પણ હાલે આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. ભૂતકાળના ચૂંટણી પરિણામો પર નજર કરીએ તો હાંસિયામાં ધકેલાઈ ગયેલ કોંગ્રેસે છેલ્લે ૧૯૯૧ ની ચૂંટણીમાં કચ્છ બેઠક પર વિજય પ્રાપ્ત કર્યો હતો. જે બાદ એટલે કે, ૧૯૯૬ થી કચ્છ બેઠક પર સતત કમળ જ ખીલી રહ્યું છે. તેમાં પણ ભૂકંપ બાદ જિલ્લામાં ફુંકાયેલ વિકાસના વાયરાના પગલે તો આ સરહદી કચ્છ જિલ્લો જાણે ભાજપના અભેદ ગઢમાં ફેરવાઈ ગયો હોય તેમ સાંસદ, ધારાસભ્યોની સાથોસાથ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓમાં ચોતરફ ભગવો જ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતોમાં ભલે પક્ષના બેનર વગર ચૂંટણી લડાતી હોય પરંતુ જિલ્લાની મોટા ભાગની પંચાયતોમાં પણ ભાજપ સમર્થીત ઉમેદવારો જ સરપંચ પદે આરૂઢ જોવા મળી રહ્યા છે. કચ્છ લોકસભા બેઠક માટે સાત મે ના મતદાન થવાનું હોઈ હવે ચૂંટણીને આડે એક પખવાડિયા કરતા પણ ઓછો સમય બાકી રહ્યો હોવા છતાં હજુ સુધી જિલ્લામાં ચૂંટણીનો માહોલ નિરસ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો હજુય પ્રચાર - પ્રસારનો થોડો ઘણો ધમધમાટ વર્તાઈ રહ્યો છે પણ શહેરોમાં તો ભર ઉનાળે ઠંડો માહોલ હોતા ઉમેદવારો પણ મતદારોને પારખવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આજના આધુનિક યુગમાં સોશિયલ મીડિયા દરેક ક્ષેત્રમાં હાવી થઈ રહ્યું છે ત્યારે લોકશાહીના મહાપર્વમાં પણ બન્ને પક્ષોએ સોશિયલ મીડિયાને જ જાણે પ્રચારનું માધ્યમ બનાવ્યું હોય તેવો વર્તારો દ્રશ્યમાન થઈ રહ્યો છે. કેન્દ્રમાં છેલ્લી બે ટર્મથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ વાળી સરકાર હોઈ સત્તાપક્ષ તો મોદી મેજીકની ચાવી ગુમાવીને ગુણગાન ગાઈ રહ્યું છે. પરંતુ વિપક્ષ પાસે પણ જાણે કોઈ સક્ષમ મુદ્દા ન હોઈ તેઓ પણ મોદીના નામે જ માછલા ધોઈ રહ્યા છે. બન્ને મુખ્ય રાજકીય પક્ષો પાસે સબળ અને પ્રજાકીય મુદ્દાઓનો સદંતર અભાવ હોઈ એકંદરે રાષ્ટ્રીય મુદ્દાઓ જ લોકો સમક્ષ રજુ કરાઈ રહ્યા છે. બીજીતરફ દર વખતની જેમ પ્રસિદ્ધી ભુખ્યા અને બની બેઠેલા આગેવાનો જાહેર સભા તથા ચોક્કસ નેતાના કાર્યક્રમોમાં ફ્રેમમાં ગોઠવાઈ જવાબદારી પૂર્ણ થતા જ અદ્રશ્ય થઈ રહ્યા છે. ત્યારે હવે ૨૨મીએ ફોર્મ ખેંચવાની અંતિમ તારીખ હોઈ ત્યાર બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થવા સાથે માહોલ જામે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

# નવીનાળ ગૌચર મુદ્દે ગુજરાત હાઈકોર્ટે કચ્છ કલેકટરનો માંગ્યો જવાબ

અમદાવાદ : મુંદરા તાલુકાના નવીનાળ મુકામે ૨૦૦૫માં રાજય સરકાર દ્વારા ગામની ટાવર્સ પૈકીની તથા ગૌચર જમીન મુંદરા પોર્ટ અને સેઝને સંપાદિત કરાઈ હતી. આ પ્રકરણના અનુસંધાને ૨૦૧૧ માં સ્થાનિક ગ્રામજનોએ ગૌચર જમીનની ઘટ્ટ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી.

જો કે આ મુદ્દે હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ ન હોઈ અંતે ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે જવાબ રજુ કરવા કચ્છ કલેકટરને આદેશ કર્યો છે. આ સંદર્ભે ૨૦૦૫માં ત્રણ પંચાયતોની ગૌચર જમીન મુન્દ્રા પોર્ટ અને સેઝની તરફેણમાં ફાળવવા માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન વિકસાવવા માટે ડિવેસ્ટ કરવામાં આવી હતી. ગામોને રેટમમાં વૈકલ્પિક ગૌચર જમીન સાથે વળતર આપવાનું હતું. આ ગામોમાંનું એક નવીનાળ હતું અને ૨૦૧૧માં હાઈકોર્ટ સમક્ષ દાખલ કરાયેલી અરજીમાં અરજદારોએ ધ્યાન દોર્યું હતું કે ગ્રામ પંચાયત પાસે તેમના આદેશ પર મર્યાદિત ગૌચર જમીન હતી અને તે વધુ ઘટી રહી છે. ગૌચર વિસ્તાર ગામના રહેવાસીઓ માટે હાનિકારક બનશે કારણ કે તે વિસ્તારમાં તેમના ઢોરની વસ્તીનું નિર્વાહ મુશ્કેલ બનાવશે.

પિટિશનના પેન્ડિંગ દરમિયાન, તત્કાલિન કચ્છ ડેપ્યુટી કલેકટરે જૂન ૨૦૧૩માં શરતોને આધીન ગૌચરના હેતુ માટે વધારાની ૩૮૭ હેક્ટર અને ૮૦ એકર સરકારી જમીન આપવાનો આદેશ પસાર કર્યો હતો. વધુમાં, ગ્રામ પંચાયતે આ હેતુ માટે વધારાની ૮૫ હેક્ટર, ૪૬ ગુંઠા અને ૬૨ એકર જમીન ફાળવવાની હતી. જ્યારે ઉપલબ્ધ જમીન માત્ર ૭૨-૪૨-૧૪ હેક્ટર હતી.

જ્યારે મુન્દ્રા પોર્ટ અને સેઝએ ૩૮-૪૦-૮૫ હેક્ટરની જમીન રિટમ કરવાની ખાતરી આપી હતી. મુન્દ્રા પોર્ટ અને સેઝ દ્વારા પરત કરવાની ઓફર કરવામાં આવેલ જમીનનો વિસ્તાર અને ગામમાં ઉપલબ્ધ જમીન હાલમાં ૭૩૨ પ્રાણીઓની વસ્તીની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતી નથી. અદાલતે માંગ કરી છે કે આ વિસંગતતાનો રાજ્ય દ્વારા જવાબ આપવામાં આવે, તેણે કચ્છ કલેક્ટરને રાજ્યની પુનઃપ્રતિક્રિયા કરવા માટે તેમનું વ્યક્તિગત સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# રાપર વિધાનસભાના સંવેદનશીલ મતદાન મથક વિસ્તારમાં ફુટ પેટ્રોલિંગ કરાયું



રાપર : લોકસભાની ચુંટણીને અનુલક્ષીને રાપર વિધાનસભા બેઠક પર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે રાપર વિધાનસભા બેઠકમાં આવતા રાપર, ભચાઉ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે પોલીસ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં તાલુકા મથક રાપર, આડેસર, બાલાસર, ખડીર, લાકડીયા, સામખીયાળી, ગાગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા મતદાન મથકો ધરાવતા ગામો તથા સંવેદનશીલ મતદાન મથકો પર નિસંકોચ રીતે મતદાન થાય તે માટે રાપર પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. બુબડીયા, રાપર સીપીઆઈ વી.કે. ગઢવી, લાકડીયા પીઆઈ આર.આર. વસાવા, આડેસર પીએસઆઈ બી.જી. રાવલ, બાલાસર પીએસઆઈ વી.એ. ઝા, ગાગોદર પીએસઆઈ વી.પી. આહિર, સામખીયાળી પીએસઆઈ વી.આર. પટેલ, ખડીર પીએસઆઈ ડી.જી. પટેલ સહિતના પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓએ શહેરી વિસ્તારમાં તથા ગ્રામ્ય વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ હાથ ધરી મતદાન દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર તત્પર હોય તેવો સંદેશો આપ્યો હતો.

# મડે કચ્છી ભા-ભેંણ અચૂક મતદાન કરીએ : અમિત અરોરા

**જિલ્લા સમાહર્તાએ કચ્છી બોલીમાં મતદારોને કરી અપીલ**



ભુજ : જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેકટર અમિતભાઈ અરોરાએ કચ્છી બોલીમાં વીડિયો સંદેશના મારફતે કચ્છના મતદારોને ૭મી મેના અચૂક મતદાન કરવા અપીલ કરી છે.

સોશ્યલ મીડિયામાં પ્રચલિત થયેલા વીડિયો સંદેશમાં જિલ્લા કલેકટર અમિતભાઈ અરોરાએ કચ્છી મતદારોને મુંજા કચ્છી ભા-ભેણ કહીને સંબોધન કર્યું છે. આ સંદેશમાં તેઓએ જણાવ્યું છે કે, લોકસભા ચૂંટણી માટે આગામી તા.૭મી મેના રોજ મતદાન થવાનું છે ત્યારે દરેક કચ્છી મતદારો પોતાની પવિત્ર ફરજ અદા કરી લોકશાહીને વધુ મજબૂત કરવા સહયોગી બને, લોકશાહીમાં મતદાન કરવું અને દરેક નાગરિકની નૈતિક ફરજ છે ત્યારે કચ્છના મતદારો આગામી ૭મી મેના મતદાન કરી લોકશાહીની પ્રક્રિયામાં પોતાની સહભાગીતા અચૂક નોંધાવે તેવી અપીલ કરી છે.

# લોકસભાની ચૂંટણી અંતર્ગત કચ્છ જિલ્લા યુવા મોરચાની બેઠક મળી





ભુજ : કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા ભુજ મધ્યે આગામી લોકસભા ૨૦૨૪ ચૂંટણી અંતર્ગત કચ્છ જિલ્લા યુવા મોરચાની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં કચ્છ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ રાહુલભાઈ ગોર, કચ્છ યુવા મોરચાના પ્રમુખ તપાસભાઈ શાહ, કચ્છ યુવા મોરચાના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, કચ્છ જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ કિરણ ભાનુશાલી, વિશાલ માહેશ્વરી, કૃણાલ મહેશ્વરી તેમજ મંડળના પ્રભારી, મંડળના પ્રમુખ અને મહામંત્રી તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરશુરામ પ્રાગટ્યોત્સવ નિમિત્તે ગાંધીધામ-આદિપુરમાં બાઈક રેલી યોજાશે



ગાંધીધામ : ભગવાન પરશુરામ પ્રાગટ્યોત્સવ નિમિત્તે જય પરશુરામ સેવા બ્રહ્મ સમાજ ગાંધીધામ - આદિપુર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઝંડા ચોક ગાંધીધામથી ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૪ વર્ષથી આ પાવન પ્રસંગે આ સંસ્થા દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ બ્રહ્મયુવાઓને બહોળી સંખ્યામાં બાઈક રેલીમાં ભાગ લેવા માટે પ્રમુખ મેહુલ રાવલ અને મહામંત્રી હેમંત જોષીએ આવહાન કર્યું છે. સાંજે આદિપુરમાં ભગવાન પરશુરામ ચોકથી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળ આદિપુર - ગાંધીધામ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવશે અને સાથે સાથે રાસ ગરબાની રમઝટ જામશે તેમ સંસ્થાના સંયોજક પન્ના જોષીએ જણાવ્યું હતું. આ બંને કાર્યક્રમની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે. યુવા ટીમ શુભેચ્છા બેનર તૈયાર કરી લગાવવામાં વ્યસ્ત છે. વડીલ માર્ગદર્શનથી કારોબારી ટીમ આયોજન સંભાળી રહી છે.દરેક પેટા બ્રહ્મ સમાજોનો સહયોગ મળ્યો છે.

# મુંદરાના વકિલની લીગલ એડવાઈઝરી તરીકે નિમણુક




ગાંધીધામ : રાષ્ટ્રીય માનવ અધિકાર સુધાર સંગઠનના ગુજરાત પ્રદેશ પ્રમુખ સાંધ અજીજભાઈ દ્વારા લીગલ એડવાઈઝર તરીકે વકીલ ઈમરાનભાઈ મેમણની નિમણૂક કરવામાં આવી હતી. આ પ્રસંગે મુંદરા તાલુકા પ્રમુખ હરેશભાઈ મોથારીયા, કરછ જિલ્લા મિડિયા પ્રભારી જગદીશભાઈ ફફલ, કાર્યાલય ઈન્ચાર્જ હનિફભાઈ કેવર, સંજયભાઈ મહેશ્વરી, શંકર મહેશ્વરી, વિક્રમસિંહ પરમાર તથા ખોજા અલકરીમ હાજર રહ્યા હતા.

# અંજારમાં દેવાયત બોદરની પ્રતિમાને હારારોપણ કરી શ્રદ્ધાંજલિ અપાઈ



અંજાર : શહેરમાં જખદાદા ખેલ સંકુલમાં આવેલ વીર આહીર સપૂત દેયાવત બોદરની પ્રતિમાને ફૂલહાર તેમજ અગરબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. રાજવંશને બચાવવા પોતાના એકના એક દીકરાની આહુતિ આપી બલિદાન આપ્યું હતું. આહીરનો આશરો અને આહીરની મહેમાનગતિ સમગ્ર જગ વિખ્યાત છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણને અવતાર લેવા યદુવંશી કુળમાં જન્મ લીધો હતો. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું હતું કે દગલે ને પગલે હંમેશા તમારી સાથે જ હોઈશ. આ પ્રસંગે કચ્છ આહીર મંડળના પ્રમુખ તેજાભાઈ રમાભાઈ કાનગડ, ઉપપ્રમુખ આલાભાઈ બચુભાઈ છાંગા,ઉપપ્રમુખ મુકેશભાઈ કાનજીભાઈ કાપડી, સહમંત્રી રામજીભાઈ ભુરાભાઈ વરચંદ, કાર્યાલ મંત્રી શામજીભાઈ સવાભાઈ કેરાસિયા, સમાજના અગ્રણી જેન્તીભાઈ વાઘમશી, જીતેન્દ્રભાઈ ચોટારા, પપ્પુભાઈ આહીર, દેવાભાઈ આહીર, દર્શનભાઈ બાંભણીયા, જીજ્ઞેશભાઈ બાંભણીયા, હરીભાઈ (ભગત) સોરઠીયા, અશોકભાઈ સોરઠીયા, રવીભાઈ હડીયા, જગદીશભાઈ છાંગા, મિતેશભાઈ બાંભણીયા, કલ્પેશભાઈ આહીર, હરીભાઈ મનસુખભાઈ બાંભણીયા, વરુણભાઈ સોરઠીયા, શિવમભાઈ નયનભાઈ આહીર હાજર રહ્યા હતા. દેવાયત બાપા અમર રહો અને જય માધવ જય યાદવ સાથે આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું તેવું સામાજિક આગેવાન જીતેન્દ્ર ચોટારાએ જણાવ્યું હતું.

# અંજારના જમીન કેસમાં પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માના જામીન ફગાવાયા

અંજાર : અંજારમાં સરકારી પડતર જમીન ખાનગી વ્યક્તિને લાગુની જમીન તરીકે ફાળવવાના ગુનામાં સંડોવાયેલા પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માની નિયમીત જામીન અરજી ભુજ સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. અંજારમાં સર્વે નં.૯૮૪ની ૧૪ ગુંઠા સરકારી જમીન ૨૫ રૂપિયાના ભાવે સત્તાનો દૂરઉપયોગ કરીને ફાળવાઈ હોવાનો આરોપ થયો હતો. જેમાં ગત ૧૧ માર્ચના ભુજ એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ થઈ હતી. જમીન ફાળવણીમાં સરકારી જોગવાઈનો ભંગ થયો હતો. બન્ને પક્ષે દલીલો સાંભળ્યા બાદ ભુજ સેશન્સ અદાલતે પ્રદીપ શર્માની નિયમીત જામીન અરજી નામંજૂર કરી હતી.

## છેલ્લા પાનાનું ચાલુ

### ચૂંટણીને કારણે

ખોરવાઈ ગયા છે. એટલું જ નહી કેટલાક શિક્ષકોએ તો અગાઉથી કરાવેલા બુકિંગ રદ કરાવવાની ફરજ પડી છે. શિક્ષકો કહે છે કે, ચૂંટણી જાહેર થયા બાદ વેકેશન રદ્દ કરવામાં આવ્યું ત્યારપછી ચૂંટણી કયારે થવાની છે અને મતદાન કયારે થવાનું છે તે સહિતની તારીખો જાહેર કરી દેવામાં આવી હતી. આ તારીખને ધ્યાનમાં રાખીને નવેસરથી વેકેશનની જાહેરાત કરી દેવી જોઈએ પરંતુ હજુસુધી આવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. આ સ્થિતિમાં શિક્ષકોએ પોતાના અગાઉના હોટેલ બુકિંગ, રેલવે, પ્લેન ટિકીટ બુકિંગ ટ્રાન્સફર કરવી કે રદ્દ કરવી તેની સમસ્યા ઉભી થઈ છે. આમ, વિભાગની અનિર્ણાયક્તાના કારણે કચ્છ સહિત રાજયના હજારો શિક્ષકોના શીડ્યુલ ખોરવાઈ ગયા છે. આગામી દિવસોમાં હવે કયારે આયોજન થશે તેનો પણ કોઈ નિર્ણય કરી શકાતો નથી.

### લોકશાહી મહાપર્વ

હોય, ડાયાબિટીસ હોય, હાઈરિસ્કવાળા મતદારો હોય અથવા જે મહિલાઓને પ્રસૂતિ થવાની હોય તેવા મતદારોએ સવારના સમયમાં મતદાન કરી લેવું જોઈએ તેવી પણ તેમણે અપીલ કરી હતી. વધુમાં તેમણે કહ્યું કે, મતદાન મથકો પર આશાવર્કર તેમજ આંગણવાડી બહેનો પણ ઉપસ્થિત રહેશે. તમામ મથકો પર પાણીની પુરતી વ્યવસ્થા રાખવામાં આવશે. દિવ્યાંગ મતદારોને મતદાન મથકો સુધી લાવવા અને પરત ઘેર મુકવા માટે દિવ્યાંગ રથનો ઉપયોગ કરવામાં આવશે. ખાસ કરીને ઈવીએમ મશીન જે જગ્યાએથી મતદાન મથક ખાતે રવાના કરવામાં આવે છે અને પાછા જમા લેવામાં આવે છે તે ડિસ્પેચિંગ અને રિસિવીંગ સેન્ટર ખાતે પણ મેડિકલ ટીમ હાજર રહેશે.

### કચ્છની સોના-ચાંદી

હોય તો લોકો જૂના ઘરેણા વેંચી નવાની ખરીદી કરતા થયા છે. આજથી થોડા વર્ષો અગાઉ જયારે સોનાના ભાવ ઓછા હતા ત્યારે લોકો જરૂરિયાત અનુસાર નવા દાગીનાની ખરીદી કરતા હતા, પરંતુ હાલે ટ્રેન્ડમાં બદલાવ જોવા મળી રહ્યો છે. લોકો જૂનું સોનુ આપી નવું સોનુ ખરીદી રહ્યા હોવાથી બજારમાં તેની સીધી અસર દેખાઈ રહી છે.

**શ્રી ભાનુભવન ગાંધીધામ માટે**

**મેનેજર જોઈએ છે.**

સમય : સવારના ૮.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધી

સંપર્ક : માધુભાઈ ડાંમાભાઈ ભીમાણી

મો.: 8160654063

# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડીજી આર એસ નિનામાએ કચ્છની લીધી સરપ્રાઈઝ વિઝિટ : સ્થાનિક પ્રશાસનમાં દોડધામ





**રમતગમત ક્ષેત્રે ગુજરાત નવી ઉંચાઈ પહોચશે તેવું રાજય સરકાર, રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તથા અમારા વિભાગની આખીય ટીમ દ્વારા કટીબદ્ધતા સાથે થઈ રહ્યા છે ભગીરથ પ્રયાસો : શ્રી નિનામા ડીજીશ્રી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાઓ એ કચ્છઉદય સાથે કરી ખાસ વાતચીત**

**કચ્છના રમતગમત સંકુલમાં મેદાનમાં ઘાસ સુકાય નહી તે સહિતની તકેદારી રાખવાની સ્થાનિક તંત્ર- કામ રાખનારી કંપનીના જવાબદારોને બોલાવીને કડક સુચનાઓ આપી છે : ગાંધીધામ રમત ગમત સંકુલમાં સિકયુરીટી અને સીસીટીવી કેમેરા હોવા છતા દબાણ થવુ, ઉપરાંત સિકયુરીટી કંપનીના લાયસન્સ સહિતના મામલે પણ ચોકકસથી તપાસ કરાવાશેનો શ્રી નિનામાએ દર્શાવ્યો સધીયારો**

**ભચાઉ, ગાંધીધામ રમતગમત સંકુલ, માધાપર રમતગમત સંકુલ, ઈન સ્કુલ, ટ્રેઈનર્સ, સાધનો સહીતના મામલે નિનામાએ જાત મુલાકાત લઈ સ્થાનિક પ્રશાસનથી મેળવી માહીતીઓ : ઈન સ્કુલના ખેલાડીઓને તથા શાળાઓને પણ સાધનો વ્યવસ્થિત મળ્યા છે કે નહી? તે સહિતના મામલે મેળવી જાત વિગતો**

**ડીજીશ્રીએ કચ્છની મુલાકાત લીધી હતી, રૂટીનમાં જ તેમનો પ્રવાસ હતો, ગાંધીધામમાં તો અમારા કોઈ ગ્રાસનામેદાન નથી, માધાપર ખાતે મેદાનમાં ઘાસ શુકાય નહી, તે સહિતની સુચનાઓ ડીજીશ્રીએ રૂટીનમા જ આપી છે એ વાત સત્ય છે, ઉપરાંતના વિષયોની મને ખબર નથી : શ્રીમતી જયોતિ ઠાકુર(ડીએસડીઓ-કચ્છ)**

ગાંધીધામ : ઓફ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ડાયરેકટર જનરલ (ડીજી)શ્રી આર એસ નિનામા તાજેતરમાં જ એકાએક કચ્છની ઓંચીતી એકદીવસીય મુલાકાતે આવી પહોચ્યા હતા. ભુકંપના સમયે કચ્છમાં આસી.કલેકટર પદે યશસ્વી રીતે સેવા બજાવી ચૂકેલા શ્રી નિનામાની એકદીવસીય સરપ્રાઈજ કચ્છ મુલાકાતથી સ્થાનિક પ્રશાસનમાં દોડધામ મચી જવા પામી હતી. શ્રી નિનામાએ ભચાઉથી લઈ અને ભુજ સમીપે માધાપરમાં આવેલા સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઉપરાંતના વિવીધ સંકુલો, ડીએલએસએસ કેન્દ્ર તથા ઈન સ્કુલ યોજના હેઠળની શાળાઓની જાત મુલાકાત લઈ અને ખેલાડીઓ, ટ્રોઈનર્સ સહિતથી રૂબરૂ થયા હતા અને સરકારી યોજનાઓનો લાભાલાભ, સાધનોની જાળવણી, ઉપલબ્ધતા તથા મેદાનની સાર-સંભાળ સહિતનાઓ અંગે તપાસણીઓ કરી અને જયા જયા જરૂરી લાગ્યુ છે ત્યાં મેન્ટેનન્સ કરનાર કંપની અને સ્થાનિક પ્રશાસનને પણ માર્ગદશન સાથે કડક સુચનાઓ આપી હોવાનુ જાણવા મળ્યું છે.

શ્રી નિનામાએ કચ્છઉદય સાથેની ટેલીફોનીક વાતચતીમાં કહ્યુ હતુ કે, રમતગમત ક્ષેત્રે ગુજરાત નવી ઉંચાઈએ પહોચશે તે માટે રાજય સરકાર, રમતગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન સાથે અમારો વિભાગ કટીબદ્ધતાથી ટીમવર્ક સાથે સેવારત રહેલો છે. ગુજરાતમાં રમતગમતનુ ઉજજવળ ભવિષ્ય ઘડાય, સતત સુધારા સાથેનો વિકાસ અને રમતજગતની તકો તેજસ્વી પ્રતિભાઓને આપવાના ઉદેશ્ય સાથે હું રાજયભરના વિવિધ રમતગમત સંકુલોના પ્રવાસે નીકળ્યો હતો તેના ભાગરૂપે જ કચ્છમાં પણ આજે એક દીવસની મુલાકાત કરી છે. ભચાઉ, ગાંધીધામ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઉપરાંત માધાપર અને ઈન સ્કુલ યોજનાઓની શાળાઓમાં રૂબરૂ મુલાકાતે ગયો હતો. શ્રી નિનામાએ વધુમાં જણાવ્યુ હતુ કે, સમગ્ર રાજયમાં વિવિધ રમતોને પ્રોત્સાહન પ્રદાન કરી ગુજરાતને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પોર્ટસ હબ તરીકે આગળ ધપાવવાના પાવન ધ્યેય સાથે અમારી ટીમ સતત સેવારત રહેલી છે.બીજીતરફ આ તમામ બાબતે જેઓના સંચાલન હેઠળ જિલ્લા કક્ષાએ તમામ વ્યવસ્થાઓ જોવાતી હોય છે તેવા કચ્છના ડીએસડીઓ જયોતિબેન ઠાકુરને આ બાબતે પુછતા તેઓએ કહ્યુ હતુ કે, અમારા વિભાગના ડીજીશ્રી તાજેતરમાં જ કચ્છની મુલાકાતે આવ્યા હતા. તેઓ ભચાઉ, ગાંધીધામ રમતગમત સંકુલ તથા માધાપર સંકુલ સહિતની જાત મુલાકાત લીધી હતી. ગાંધીધામમાં તો અમારા સંકુલમાં ઘાસ કયાંય નથી પરંતુ માધાપર સંકુલમાં ઘાસને પાણી અપાય, તાલીમ ચાલતી ન હોય તે વખતે તેની જાળવણી બરાબર કરવમાં આવે તે સહિતની રૂટીન સુચનાઓ અપાઈ હોવાની વાત સાચી હોવાનુ શ્રીમતી ઠાકુરે કહ્યુ હતુ. જો કે, બાકી કવચ સિકયુરીટીના લાયસન્સનો વિષય હોય કે પછી ગાંધીધામ સંકુલમાં દબાણનો કોઈ મામલો હોય તે બાબતે શ્રીમતી ઠાકુરે કહ્યુ હતુ કે, આ વિષયમાં મને કોઈ જ ખ્યાલ નથી. સિકયુરીટી કંપનીનું લાયસન્સનુ કામ અને તેમના કર્મીઓને પગાર-ચુકવણા સહિતનું બધુ જ સચિવાલય કક્ષાએથી કરવામા આવતુ હોય છે. સંકુલમાં દબાણનો જે વિષય છે તે તો કદાચ મારા જન્મ સમયથી પણ પહેલાનુ હોઈ શકે છે, તેને હવે હું એકલી કઈ રીતે ખેસડી શકુ? હા પણ અહી પાક્કુ બાંધકામ ન થાય તેની તકેદારી મારા તરફથી ચોકકસથી રાખવામાં આવી રહી છે તેમ શ્રીમતી ઠાકુર દ્વારા જણાવાયું હતું.

જો કે, શ્રી નિનામાની સાથે કચ્છમાં કોચની ઘટ્ટ, સંકુલની જાળવણીનો અભાવ, ડીએલએસએસ સેન્ટરોમા મેનેજર, ઈન સ્કુલના ટ્રેઈનરોની તાલીમ, બેડમિન્ટન કોચ ઉપલબ્ધ હોવા ઉપરાંત બેડમિન્ટન કોચીંગ ન મળવુ, વોલીબોલ કોચનો પગાર કચ્છમાં પડે અને બે વર્ષથી તેઓની સેવા દ્વારકામાં બજાવાઈ રહી છે, કચ્છમાં આ બાબતે ઘટતું કરાવવા અંગે પુછતા તેઓએ ક્હયુ હતુ કે, બેડમિન્ટન કોચ ઉપલબ્ધ હશે તો તેમના મારફતે કોચીંગ શરૂ થવુ જોઈએ, તેની તકેદારી જાળવીશુ, સરકારી ખર્ચ વેડફાય તે ન ચલાવી લેવાય, ઘાસ સહિતની મેન્ટેનન્સ બાબતે કામ રાખનારી પાર્ટીના જવાબદારને બોલાવીને સુચના આપી છે, પ્રશાસનના જવાબદારોને પણ મોનીટરીગનુ કહેવાયુ છે, ઈન સ્કુલની મુલાકાતો કરાઈ છે અને તેની પણ સ્થાનિક વિગતો લીધી છે, જે મામલે પણ આગામી દીવસોમાં સરકારનો હેતુ સરે, વધુ અસરકારક નીવડે તે દીશામાં પ્લાનીગ સાથે યોજનાઓ અસરકારક રીતે લાગુ કરવામાં આવશે તેવુ પણ શ્રિ નિનામાએ જણાવ્યુ હતુ.

## એજન્સી પર શેનું આવ્યું દબાણ? પૈસા કે પાવર?

# મુંદરામાં કપડાની આડમાં ઈલેકટ્રોનિકસનું કૌભાંડ : એજન્સીની તપાસ કેમ ઠંડાબક્ષામાં : ચર્ચાઓ તેજ

**ખાટલે મોટી ખોટ : મુંદરાથી કાસેઝ ભણી કન્ટેઈનર જાય તે પહેલા જ ડીઆરઆઈએ અટકાવી દીધા, પરંતુ હવે આ કોણે મંગાવ્યા, કયા જવાના હતા? ડીક્લેર કરાયેલ સિવાયનું ગુડઝ કેવા ઈરાદાથી મુકાયુ? કેટલું મુકાયુ? દસ્તાવેજો પર ડીકલેરેશન કોના નામનું છે? તેમને શા માટે નોટીસો ન ફટકારી અને એજન્સી આગળની તપાસમાં કેમ અટકી ગઈ છે? : જાણકારોનો સવાલ**

**વિદેશથી કપડા ડીકલેર કરી અને તેમાં ઉંચી ડયુટીવાળા ઈલેક્ટ્રોનીકસ વસ્તુઓ મંગાવ્યાની ગંધ DRIને આવી જતા પાંચેક જેટલા કન્ટેઈનરને બાજુ પર મુકાવ્યા બાદ કેમ તપાસ નથી વધતી આગળ? યક્ષ સવાલ**

**જો ઘનિષ્ઠ તપાસ કરવામાં આવશે તો મુંબઈના શખ્સો સુધી રેલો લંબાઈ શકે, એટલુ જ નહી પણ આ બન્ને શખ્સોના કચ્છમાં કયા ઝભ્ભાલેંગાધારીઓ સાથે સીધો કે પરોક્ષ નાતો છે તે વાત પણ આવશે બહારે**

**જો કે, કન્ટેઈનર હોલ્ડ થતાની સાથે જ આ બન્ને શખ્સો દુબઈ જ સરકી ગયા હોવાની છે ચર્ચા..!**

ગાંધીધામ : કચ્છના મુંદરા બંદર પર વિદેશથી આવેલા પાંચેક જેટલા કન્ટેઈનરને એજન્સી દ્વારા હોલ્ડ કરાવી અને તેની તપાસ કરવામા આવી હોવાની વાત સામે આવવા પામી રહી હતી. આજથી ચાર-પાંચ દીવસ પહેલા વિદેશથી અવેલા કન્ટેનરમાં મિસડીકલેરશન હોવાની પુરક ચોકકસ માહીતીઓના આધારે તપાસણી કરવામાં આવી હોવાની વિગતો ચર્ચામાં આવી હતી. અંતરંગ વર્તુળોના જણાવ્યા મુજબ એજન્સી આ કન્ટેઈનરોના આવવાની તાકમં જ હતી અને માહીતી આધારે તેની છાનબીન કરવામાં આવતા ફેબ્રીક એટલે કે કપડાની આડમાં આ કન્ટેઈનરમાં હેવી ડયુટીવાળા ઈલેકટોનીકસ સાધનો મંગવાવમા આવ્યા હોવાનુ એજન્સીને હાથ લાગી જવા પામ્યુ હતુ. તગડા ડયુટીફેરવાળી આ આઈટમ કન્ટેઈનરમાંથી નીકળી પડતા પાંચેક જેટલા કન્ટેઈનર સાઈડમા હોલ્ડ કરાવી દેવામાં અવ્યા હતા. કહેવાય છે કે, આ કન્ટેઈનર કાસેજ તરફ જ જવાના હતા.અહી જાણકારોમાથી સવાલ એ જ થવા પામી રહ્યો છે કે, આ પહેલા જયારે બીટુમીનની આડમાં સોપારીનોનો તગડો જથ્થો પકડી પાડવામા અવ્યો હતો તે વખતે તો જરા સહેજ પણ સમય વેડફયા વિના જ તાબોડતોડ ગણતરીના કલાકોમાથી એજન્સી દ્વારા પ્રેસ રીલીઝ જાહેર કરવામા આવી ગઈ, જથ્થો કેટલો, રકમ કેટલી અને તેમા સંકળાયેલા બે અને તે બાદ બીજા બે શખ્સોને પણ દબોચી લેવામા અવ્યા હતા. જો તપાસનીશ એજન્સી આ જ છે તો પછી જે રીતે બીટુમીનની આડમાં સોપારીની કામગીરી ધડાધડ કરી લેવામા આવી તેવી જ કામગીરી કાપડની આડમાં આવેલા ઈલેકટ્રોનીકના કૌભાંડમાં કેમ નહી? શા માટે અહી સુસ્તી કરવામા આવી રહી છે? તેના પાછળનુ રહસ્ય શું છે? મુંદરામાં કપડાની આડમાં ઈલેકટ્રીનીકસ સાધનો લવાયાની આશંકાથી પાંચ કન્ટેઈનરો જે અટકાવવામા આવ્યા છે તે બાદમાં કેમ તપાસ ઠંકા બક્ષામાં જતી રહી છે.

જાણકારોની વાત માનીએ તો કહેવાય છે કે, કયાંક ને કયાંક આ તપાસમાં ચલચચલાણા ચાલી રહ્યા છે. મુંબઈના શખ્સોએ આ કન્સાઈનમેન્ટ મંગાવ્યુ હોવાનુ કહેવાય છે અને તેઓ દ્વારા મંગાવાવમાં આવેલા આ કન્સાઈનમેન્ટમાં સ્થાનિકનાઓની પણ સંડોવણી પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે હોવાનુ મનાય છે. જો ઘનિષ્ઠ તપાસ કરવામા આવશે તો મુંબઈના શખ્સો સહિત સ્થાનિકના ઝભ્ભાલેંગાધારીઓ સુધી પણ આ કેસની તપાસ લંબાઈ શકે તેમ છે. આવામાં કયાક ને કયાક એજન્સી પર કોઈ પ્રકારનું દબાણ તો નથી આવી ગયુ ને? પૈસા અથવા તો પાવરનું પ્રેસર તો કોઈએ નથી આપ્યુ ને? જાણકારો એમ પણી કહી રહ્યા છે કે, મુંદરામાં આ કન્ટઈનરઅટકાવાયાની સાથે જ મુંબઈના બે શખ્સોએ દુબઈની વાટ પકડી લીધી છે. તેઓ દુબઈ સરકી જવા પામ્યા હોવાનુ ચર્ચાય છે. વાસ્તવિકતા તો શું છે તે તપાસકર્તા એજન્સી અને માલ મંગાવનાર જ જાણે પરંતુ પાંચેક દીવસ થયા માલ હોલ્ડ કરી બાજુમાં મુકી દીધો હોવા છતા પણ કેસ નથી દેખાડાયો, પ્રેસ નોટી નથી રીલીજ કરવામાં આવી, કોઈને નોટીસ ફટકરાઈ કે પછી કોઈની અટક કરાઈ હોય તેવુ પણ સત્તાવાર રીતે સામે નથી આવ્યુ એટલે તપાસનીશ એજન્સીની આ કેસમાં મનસા પણ શંકાના દાયરામાં આવવા પામી રહી હોય તેમ જણાય છે.

## લોકશાહી પર્વની ઉજવણીને પગલે રંગમાં પડયો ભંગ....

# ચૂંટણીને કારણે ઉનાળુ વેકેશન રદ્ થતા કચ્છમાં શિક્ષકોના આયોજનો ખોરવાયા

**ચૂંટણી જાહેર થયા પછી લાંબો સમય હોવા છતાં હજુ સુધી નવા વેકેશન અંગે જાહેરાત ન થતાં નારાજગી : શિક્ષણ વિભાગની અનિર્ણાયક્તાના કારણે શિક્ષકોના શીડ્યુલ ખોરવાયા**

ભુજ : કચ્છ સહિત રાજયમાં શાળાકીય પરીક્ષાનો માહોલ પૂર્ણ થઈ ગયો હોઈ વિદ્યાર્થીઓ શાળાઓમાંથી અદ્રશ્ય થયા છે. હાલે શિક્ષકો પેપર ચકાસણીમાં વ્યસ્ત બન્યા છે, ત્યારે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષની પ્રણાલી મુજબ આ વખતે પણ ૬ મે થી ઉનાળુ વેકેશનની જાહેરાત કરાઈ હતી. વેકેશનને પગલે માદરે વતન જવા ઈચ્છતા તેમજ પરિવારજનો સાથે પર્યટન સ્થળોએ ફરવા જવા ઈચ્છતા શિક્ષકોએ અગાઉથી આયોજનો ઘડી કાઢયા હતા. તેમજ હોટેલ, ગેસ્ટ હાઉસ, બસ, ટ્રેનના બુકીંગ પણ કરાવી દીધા હતા. જો કે, લોકસભા ચૂંટણીને પગલે જાહેર થયેલું ઉનાળુ વેકેશન એકાએક રદ્ કરાતા લોકશાહી પર્વની ઉજવણીને પગલે રંગમાં ભંગ પડયો હોવાનો સૂર ઉઠી રહ્યો છે. બીજીતરફ હજુસુધી નવા વેકેશન અંગે પણ જાહેરાત ન થતાં શિક્ષકોના તમામ આયોજનો બગડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

આ અંગેની વિગતો મુજબ રાજયમાં દરવર્ષે સ્કૂલો શરૂ થાય તેની સાથે જ ઉનાળુ અને દિવાળી વેકેશન કયારે પડશે તે સહિતની તમામ જાહેરાત કરી દેવામાં આવતી હોય છે. ચાલુવર્ષે ૬ મેથી ૯મી જૂન કુલ ૩૫ દિવસ સુધી ઉનાળાના વેકેશન માટે રજાઓ જાહેર કરવામાં આવી હતી. પરંતુ લોકસભાની ચૂંટણીની જાહેરાત ૧૬મી માર્ચે થતાંની સાથે જ ઉનાળાનું વેકેશન સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આમ, હાલમાં શિક્ષકો માટે ૬થી મેથી વેકેશન રહેશે નહી. સામાન્ય રીતે વેકેશન સ્થગિત કરવામાં આવ્યા બાદ નવેસરથી તારીખ જાહેર કરી દેવામાં આવતી હોય છે. શિક્ષકો કહે છે કે હજુસુધી નવા વેકેશન માટેની કોઈ જાહેરાત ન થતાં ભારે મુશ્કેલી ઉભી થઈ છે. કારણ કે મોટાભાગના શિક્ષકોએ વેકેશનને ધ્યાનમાં રાખીને ફરવા જવાના આયોજન કરી દીધા હતા. આ ઉપરાંત કેટલાક શિક્ષકોએ રજાઓમાં લગ્નપ્રસંગનું આયોજન કર્યું હતુ. અચાનક વેકેશન સ્થગિત કરી દેવાના કારણે તમામ આયોજન

અનુસંધાન પાના નં.૫ પર

SAD DEMISE / PRAYER MEETING



LATE P. P SETHUMADHAVAN - Age 83
PRESIDENT EXCELSIOR MODEL SCHOOL,
EXCELSIOR EDUCATION SOCIETY, ADIPUR
Heavenly Abode on 19.4.2024
To Pay Homage
Prayer Meeting is Kept on 21.04.24 Sunday, 10.00 AM Morning. At Excelsior Model School Ground,Ward 4 B, Adipur
-: Deeply Mourned by :-
• P.P. Chandrashekaran &
P. P Gangadharan (Elder Brothers)
Joice Davison (Secretary)
Mr. Christopher Davison (Manager)
Ms. Jennifer Davison (Trustee)
Mrs. Prasanna Nair (Trustee)
Mrs Harsha Mehta (Principal)
• Saraschandran Nair
• Kamal Lalwani
All Family and Staff Members of
Excelsior Model School, Adipur
Om Shanti Om

# લોકશાહી મહાપર્વ । કચ્છનું આરોગ્ય તંત્ર સજ્જ




**હિટવેવને ધ્યાને લઈ મતદાનના દિવસે મતદાન મથકો, ડિસ્પેચ - રિસિવીંગ સેન્ટરો ખાતે ફર્સ્ટ એઈડ કિટ, જરૂરી દવાઓ, ઓઆરએસના પેકેટ સહિત આરોગ્ય લક્ષી કીટ રખાશે તૈયાર**

ભુજ : ભારતના હવામાન વિભાગે આગામી ઉનાળાની ઋતુ દરમિયાન સામાન્ય તાપ માનથી વધુની સંભાવના નિર્દેશિત કરી છે અને જૂન મહિના સુધી હિટવેવ વધુ મજબૂત અને લાંબા સમય સુધી પરિવર્તિત થઈ શકવાની શક્યતા વ્યક્ત કરી છે. ત્યારે આગામી મે મહિનાની તા.૭મીના રોજ યોજાનાર મતદાનના દિવસે કચ્છના તમામ મતદાન મથકો ઉપરાંત ડિસ્પેચ - રિસિવીંગ સેન્ટરો ખાતે ફર્સ્ટ એઈડ કિટ, જરૂરી દવાઓ, ઓઆરએસના પેકેટ સહિત આરોગ્ય લક્ષી કીટ તૈયાર રાખવાની સાથોસાથ જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓથી લઈ ઉચ્ચ અધિકારીઓ ખડેપગે રહેશે.

આ અંગેની વિગતો મુજબ આગામી ૭મી મેના રોજ કચ્છ લોકસભા બેઠક માટે જિલ્લાના ૧૮૪૪ મતદાન મથકો પર નોંધાયેલા ૧૬.૪૫ લાખથી વધુ મતદારો મતદાન કરશે. જિલ્લામાં ઉનાળો અત્યારથી જ તોબા પોકારવા લોકોને મજબુર કરી રહ્યો છે. ઉનાળાના દિવસો જેમ જેમ પસાર થતા જઈ રહ્યા છે તેમ તેમ તાપમાનનો પારો ઉંચકાવવાની સાથોસાથ હીટવેવના કારણે જનજીવન પણ પ્રભાવિત થતું જઈ રહ્યું છે. મે માસમાં તો ગરમીનું રૂદ્ર સ્વરૂપ જોવા મળે તેવી પણ હવામાન નિષ્ણાંતો દ્વારા આગાહી કરવામાં આવી છે ત્યારે ગરમીના લીધે મતદાનની ટકાવારી પર વિપરીત અસર ન પહોંચે ઉપરાંત મતદાન મથકો પર લોકશાહી પર્વની ઉજવણી કરવા આવનારા મતદારોને કોઈપણ જાતની તકલીફ ન થાય તે માટે ચૂંટણીતંત્રની સાથોસાથ આરોગ્ય તંત્ર પણ સજજ બન્યું છે. મતદાનના દિવસે ગરમીના પ્રકોપના કારણે મતદાન મથકો પર ફરજ પર રહેનારા કર્મચારીઓ તેમજ મતદારોને જો કોઈ શારીરિક સમસ્યા થાય તો ત્વરીતે સારવાર આપી શકાય તે માટેનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

આ બાબતે કચ્છના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રવિન્દ્ર ફુલમાલીએ વિગતો આપતા જણાવ્યું કે, જિલ્લામાં ૭મી મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે ગરમી તેમજ હીટવેવના લીધે મતદારો અને ચૂંટણી ફરજ પરના અધિકારી કર્મચારીઓને ગરમી કે હિટવેવની અસરને કારણે કઈ તકલીફ થાય તો તરત જ પ્રાથમિક સુવિધા આપી શકાય તે માટે દરેક મતદાન મથક ખાતે ઓઆરએસ પેકેટ, જરૂરી દવાઓ સહિતની ફર્સ્ટ એઈડ કિટ પણ મુકવામાં આવશે. વધુમાં જે મતદારો ગંભીર બિમારીમાંથી પસાર થઈ રહ્યા હોય કે જેમને બાયપાસ સર્જરી કરી હોય, સ્ટેન્ટ મુક્યું

અનુસંધાન પાના નં.૫ પર

## સોનાના ભાવમાં વધારાની અસર

# કચ્છની સોના-ચાંદી બજારમાં જૂનું સોનુ આપી નવું ખરીદવાનો વધ્યો ટ્રેન્ડ

**કચ્છવાસીઓ લગ્નસરા કે શુભપ્રસંગોએ ઘરમાં પડેલા જૂના દાનગી આપી નવા ઘરેણાની ખરીદી કરતા થયા : સોનામાં રોકાણ કરનાર ઈન્વેસ્ટરો પણ નફો બુક કરવા જૂના સોનાનું કરી રહ્યા છે વેચાણ : બજારમાં હળવા વજનવાળા ઘરેણાની માંગ વધતા અમુક જ્વેલર્સ પોતાનો જૂનો સ્ટોક કરાવી રહ્યા છે રિસાઈકલીંગ**

ભુજ : છેલ્લા થોડા સમયથી સોનાના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવો વિક્રમી સપાટીએ પહોંચ્યા છે. સોનાના સતત વધતા ભાવની અસર કચ્છની સોના-ચાંદી બજારમાં જોવા મળી રહી છે. લગ્નસરા સમયે ઘરમાં રહેલું જૂનું સોનુ તેમજ દાનગીમાંથી નવા ઘરેણા બનાવવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ભુજ સહિત કચ્છની સોના-ચાંદી બજારમાં રિસાઈકલ માટે આવતા સોનાના જથ્થામાં બમણો વધારો થયો છે. સોનાના ભાવ જે ગતિએ વધી રહ્યા છે તે જોતા આગામી દિવસોમાં જૂના સોનાનું રિસાઈકલીંગ ૧૦ ટકા સુધી વધવાની સંભાવના વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.



આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ સોનાના ભાવ ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયા છે. મધ્યમ અને ઉચ્ચ મધ્યમવર્ગીય પરિવારો માટે નવું સોનુ ખરીદવું હવે સ્વપ્ન સમાન બની ગયું છે, જેનથી લગ્નસરા વખતે લોકો નવા ઘરેણા બનાવવા માટે ઘરમાં પડેલા જૂના સોનાના દાગીનાઓનો ઉપયોગ કરી રહ્યા છે. લગ્ન સહિતના શુભ પ્રસંગોમાં સોનાના ભાવ ઉંચા હોવાથી નવી ખરીદી માટે પૂરતી નાણાંકીય જોગવાઈ ન

અનુસંધાન પાના નં.૫ પર

### જૂના સોનાનું વેચાણ વધવાના મુખ્ય કારણો

ભુજ : સોનાના ઘરેણાની સતત બદલાતી ફેશન અને ડિઝાઈનના કારણે લોકો નવી ડિઝાઈન, જડાઉ ઘરેણાની માંગ પૂરી કરવા જૂના ઘરેણાનું રિસાઈકલીંગ કરાવતા થયા છે. સોનામાં રોકાણ ખૂબ લાભદાયક અને ઉંચુ વળતર આપનાર ગણાય છે. સોનાના ઈન્વેસ્ટરો નફો બુક કરાવવા જૂનું સોનુ વેચતા હોય છે. લગ્ન કે શુભપ્રસંગોએ જ્યારે નવું સોનુ ખરીદવા નાણાંની પૂરતી વ્યવસ્થા ન હોય ત્યારે લોકો જૂનું સોનુ વેચતા હોય છે. હાલના સમયે નવી ડિઝાઈન અને હળવા વજનના ઘરેણાની માંગ વધતા અમુક જ્વેલર્સ ખુદના સ્ટોકને પણ રિસાઈકલીંગ કરતા હોય છે.

### વિશ્વભરમાં ગોલ્ડ રિસાઈકલીંગ વધ્યું

ભુજ : વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૯માં કુલ ૧૯૯.૭ ટન જૂનું સોનુ રિસાઈકલીંગ માટે વિશ્વભરની ગોલ્ડ માર્કેટમાં ઠલવાયું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી કોરોના મહામારીના કારણે વિશ્વભરની ગોલ્ડ માર્કેટમાં રિસાઈકલીંગનું પ્રમાણ ઘટ્યું હતું. જોકે, વર્ષ ૨૦૨૪માં ગોલ્ડ રિસાઈકલીંગનું પ્રમાણ ૧૨૮.૮ ટન સુધી પહોંચે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ની સરખામણીએ આ વર્ષે ૧૦ ટકાનો વધારો થવાની સંભાવના છે.

# મુન્દ્રામાં વાહન ચેકિંગ દરમિયાન બિનહિસાબી રોકડ પકડાઈ

**પાવાપુરી ચાર રસ્તા પાસે ચેકિંગ દરમિયાન કાર્યવાહી : ૫.૫૦ લાખની રોકડના આધાર પુરાવા ન મળતા કબજે કરી મુન્દ્રાના શખ્સની પુછપરછ હાથ ધરાઈ**

મુન્દ્રા : હાલમાં લોકસભા ચૂંટણી અન્વયે આચારસંહિતા અમલમાં છે ત્યારે પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ચેકપોસ્ટ ઊભી કરી વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તેવામાં મુન્દ્રામાં વાહન ચેકિંગ દરમિયાન બિનહિસાબી રોકડ કબજે કરવામાં આવી હતી.

જિલ્લામાં આડેસર અને સુરજબારી પ્રથમ પ્રવેશદ્વાર તેમજ પશ્ચિમ કચ્છમાં શેખપીર પ્રવેશદ્વાર છે પણ આજ દિન સુધી ત્યાં બિનહિસાબી રોકડ પકડાઈ નથી. મુન્દ્રા પોલીસે વાહન ચેકિંગમાં આધાર-પુરાવા વગરના ૫.૫૦ લાખ ઝડપી લેતા સંબંધીત વર્તુળોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને ડીઆઈજી મહેન્દ્ર બગડિયાના માર્ગદર્શનમાં મુન્દ્રા પીઆઈ જે.વી.ધોળાની સૂચનાથી પોલીસ દ્વારા પાવાપુરી ચાર રસ્તા પર ઊભી કરાયેલી ચેકપોસ્ટ ખાતે રાઉન્ડ ધ ક્લોક વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. જ્યાં પીઆઈ એમ. એન.આદરેજીયા વાહન ચેકિંગ કરતા હતા ત્યારે મુન્દ્રામાં શિવટાઉનશિપમાં રહેતા મૂળ ફરાદીના નિતેશ ધનસુખલાલ ગોર પાસેથી બિન હિસાબી રોકડ મળી આવી હતી. રોકડા રૂા.૫.૫૦ લાખ બાબતે આધાર-પુરાવા માંગતા રજૂ કરી શક્યા ન હતા. પ્રાથમિક દ્દષ્ટીએ રોકડ શંકાસ્પદ જણાઈ આવતા રોકડ તેમજ ૫૦ હજારની એક્સેસ કબજે કરવામાં આવી છે. આગળની કાર્યવાહી હાથ ધરવામાં છે.